Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

સંપાદક : હરિવલ્લભ ભાયાણી

પુસ્તક ૧] [અંક ૨

એપ્રિલ : ૧૯૭૮

શાન્તિભાઈ આચાર્ય	ઉત્તર ગુજરાતની બોલી : એક ઐતિહાસિક સર્વેક્ષણ	૭૭
ભારતી મોદી	ભાષિક ધ્વનિવિજ્ઞાનનો વિકાસ	૯૧
હરિવલ્લભ ભાયાણી	-આં પ્રત્યયવાળાં ક્રિયાવિશેષણીય વર્તમાન કૃદંત આદિ	૧૦૦
જયદેવ શુક્લ	અવલોકન ('ઍન ઇન્ટ્રડકશન ટૂ પાણિનિ': ખંડ પહેલો — પી. બી. જુન્નરકર, ૧૯૭૭)	૧૦૭
અત્ર-તત્ર :	દક્ષિણ ભારતની સૌરાષ્ટ્રી ભાષાનું એક વૈજ્ઞાનિક અધ્યયન ० ઉદ્દેશ્ય-વિધેય-નિર્ણય અને અભિધેયની વિવિધ કક્ષાઓ ० પાણિનીય વ્યાકરણ પરંપરાના અર્વાચીન અધ્યયનોનું સમીક્ષાત્મક સર્વેક્ષણ ० અર્વાચીન પાશ્ચાત્ય ભાષાવૈજ્ઞાનિક અભિગમો અને પાણિનીય વ્યાકરણતંત્ર ० સં. माणवक-ની વ્યુત્પત્તિ	૧૧૨

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાવિમર્શ

☐ 'ભાષાવિમર્શ'માં ભાષાવિજ્ઞાન તથા ગુજરાતી અને ઇતર ભારતીય ભાષાઓને લગતા મૌલિક સંશોધન, અધ્યયન-લેખો, એમના અનુવાદ, ગ્રંથસમીક્ષા વગેરે પ્રકાશિત થશે.

☐ વર્ષનાં ૨૦૦ થી ૨૫૦ પૃષ્ઠ, ચાર અંક, અનુક્રમે જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબરમાં પ્રકાશિત.

☐ વ્યક્તિ માટે વાર્ષિક રૂ. ૧૦–૦૦, સંસ્થા માટે વાર્ષિક રૂ. ૧૫–૦૦; છૂટક અંકની કિંમત રૂ. ૪–૦૦.

☐ લવાજમ, વિનિમય માટેનાં સામયિકો વગેરે મોકલવા માટેનું સરનામું :

મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ
C/o હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ,
અમદાવાદ–૩૮૦ ૦૦૯ ટે. નં. ૭૭૩૪૭

☐ લેખો અને અવલોકન માટેનાં પુસ્તકો મોકલવા માટેનું સરનામું :

હરિવલ્લભ ભાયાણી
૯, હાઇલેન્ડ પાર્ક, ગુલબાઈ ટેકરો, અમદાવાદ–૩૮૦ ૦૧૫

☐ પ્રબંધ : વાડીલાલ ડગલી, શિવકુમાર જોશી, રઘુવીર ચૌધરી.

☐

પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ,
C/o. હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ–૯
મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ઉત્તર ગુજરાતની બોલી : એક ઐતિહાસિક સર્વેક્ષણ

શાન્તિભાઈ આચાર્ય

ગુજરાતી ભાષાના ઉત્તર-ગુજરાતમાં બોલાતા સ્વરૂપનો જ અહીં વિચાર કરવામાં આવ્યો હોવાથી માત્ર તે વિસ્તારમાં બોલાતા ભાષાસ્વરૂપ પર થયેલાં કાર્યોને જોવાની અહીં મર્યાદા બાંધવામાં આવી છે.

(૧) ગ્રીઅર્સનનું કાર્ય

ગુજરાતી ભાષાના આ વાક્સ્વરૂપ પર થયેલા પ્રથમ કાર્ય તરીકે સંભવતઃ, ગ્રીઅર્સનના 'લિંગ્વિસ્ટિક સર્વે ઑવ ઇન્ડિઆ'ના ૯ મા પુસ્તકના બીજા ખંડમાં આપેલ 'પટ્ટણી ગુજરાતી' નીચેની વિગતોને ગણાવી શકાય.

ગ્રીઅર્સનનો ભારતની ભાષાઓ વિષેનો સર્વે, આજે તેની અનેકવિધ મર્યાદાઓ દેખાતી હોવા છતાં, સમગ્ર દેશના ભાષાસ્વરૂપોની વિગતો આપતું હજી આજે પણ એકમાત્ર કાર્ય છે અને આ દિશાના પુરુષાર્થનો અદ્વિતીય નમૂનો છે. ૧૯ મી સદીના અંતભાગે શરૂ થયેલું આ કાર્ય ૧૯૨૭ માં પૂરું થયું હતું. લગભગ ત્રીસ-પાંત્રીસ વર્ષ અવિરત ચાલેલા આ સર્વેક્ષણમાં ૧૭૯ ભાષાઓ અને ૫૪૪ બોલીઓને આવરી લેવાઈ છે.

આ સર્વેક્ષણની કાર્યપદ્ધતિમાં, પ્રથમ, લોકો પોતાના ભાષાસ્વરૂપને કયા નામથી ઓળખે છે તે નોંધવામાં આવ્યું હતું. આ માટે ગ્રીઅર્સને રાજ્યના અધિકારીઓને એક ફોર્મ મોકલી આપ્યું હતું. તેમાં બોલીનું સ્થાનિક નામ, જે ભાષાની તે બોલી હોય તેનું નામ અને ભાષકોની આશરે સંખ્યા – એ વિષેની વિગતો ભરી મોકલવાની હતી.

પછીથી બીજા તબક્કામાં આ ભાષા–બોલીઓના નમૂનાઓ મેળવવામાં આવ્યા હતા. આ માટે ગ્રીઅર્સને એક નિયત માહિતીપત્ર તૈયાર કર્યું હતું અને સરકારી અધિકારીઓ મારફત તેની વિગતો મેળવવામાં આવી હતી.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ग् પછી इ, ए કે य् હોય : } લાજી, લાજ્યા, વરજ્યો, પજે વગેરે.
ત્યારે ग् > ज्

દંત્ય-મૂર્ધન્ય ઉચ્ચારણ { : માટે–માતે, કોટી–કોતી, આઠ–આથ, એકઠું–એકથું
વચ્ચે અરાજકતા { દીઠો–દીથો, તેણે–તેને, દુકાળ–ડકાર વગેરે.

ડ > ર
ઢ

: ઘોડો > ઘોરો, થોડા દહાડા > થોરા દારા, ઉડાડી > ઉરારી, પડવું > પરવું, વાડો > વારો, જડ્યો > જર્યો લોઢું > લોરું વગેરે.

સ > હ
શ

: સો > હો, માણુસ > માણુહ, સૂરજ > હૂરજ, શું > હું, શીદ > હીદ, દેશ > દેહ, ખુશી > ખુહી, કાશ્મીર > કાહમીર, સમજાયો > હમજાયો વગેરે.

ગ્રીઅર્સન નોંધે છે કે તેમને ह्-લોપનું એકે દૃષ્ટાંત મળ્યું નથી, પરંતુ बेकठुं ને બદલે મળતા बेकटु જેવા શબ્દમાં મહાપ્રાણત્વનો લોપ થતો હોય તે મળે છે. એક જગ્યાએ हाथेને બદલે हाती પણ મળેલ છે.

(ड्नी જેમ) : } મળવું > મરવું, સઘળું > સઘરું, આગળ > આગર,
ળ् > र् } ધોળો > ધોરો, હાટવાળો > હાટવારો, વળગ્યો > વરજ્યો
} વગેરે.

ઉચ્ચારણવિષયક અન્ય અનિયમિતતાઓમાં न्याळने બદલે नहाळ ઉચ્ચારાય છે. (સર. હિંદી निहाळ)

(२) રૂપતંત્રગત :

નામ :

નામનું રૂપાખ્યાન લગભગ માન્ય ગુજરાતીને મળતું છે :

નપુ. લિંગમાં અંતે – उं અને – उ.

ચતુર્થીમાં પ્રત્યય – नैं અને – ने.

વ્યંજનાંત નામોના પુલ્લિંગ બ.વ.માં પણ –आं : घरां, नोकरां વગેરે.

તૃતીયા–સપ્તમીના પ્રત્યય – એના સ્થાને – ई : हाथे – हाती, कांटे–कोटी, साथे–हाथी, मोटाभा–ए–मोटाभां–ई વગેરે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સર્વનામ :

પ. પુ. એ.વ. ની તૃતીયામાં **મી** અથવા **મીં** રૂપ, તે જ રીતે **તી**, **તીં** અથવા **તીએ**.

અન્ય સાર્વનામિક રૂપોમાં **અમી/અમે**, **આપડે**, **અમારો**, **આપડો**, **તમાં**, **તેનો**, **તેને**, **ઈ/ઈ** (તે માટે નિયમિત **આ** આવે છે; તેને માટે **ઈનો/ઈનો** વપરાય છે.), **કુણ**, **હું** વગેરે છે.

ક્રિયાપદ :

વર્તમાનકાળના ક્રિયાપદના પ્રત્યયો આ પ્રમાણે છે :

	એ.વ.	બ.વ.
પ.પુ.	સું	સઇએ, સીએ, સ
બી.પુ.	સેં, સં	સો
ત્રી.પુ.	સેં	સીં, સેં

નકારાર્થે **નથી** વપરાય છે.

ભૂતકાળમાં માન્ય ગુજરાતીની જેમ **હતો** છે, જેનું સંકોચન **તો**માં થાય છે. આનું નકારાર્થી **નતો** છે. ઉ. ત. **નતું આપ્યું**.

ભવિષ્યકાળમાં **હોઈશ** કે **હેહ** છે.

નિર્દેશાર્થનાં રૂપાખ્યાન આ મુજબ થાય છે. રૂપભેદ મુખ્યત્વે અંત્ય સાનુસ્વારી ઉચ્ચારણની શિથિલતાના કારણે થાય છે.

વર્તમાનકાળ : મારવું

	એ. વ.	બ. વ.
પ. પુ.	મારું–સું, મારુસુ	મારીયે–સઇયે વગેરે
બી. પુ.	મારે–સં, મારેસેં	મારો–સો
ત્રી. પુ.	મારે–સેં	મારે–સેં વગેરે

ભવિષ્ય :

મારીશ, મારેહ	મારશું, મારહું
મારીશ, મારશે, મારેહ	મારશો, મારહો
મારશે, મારહે	મારશીં, મારહે

વર્તમાન અને ભૂત કૃદંતો થોડી અનિયમિતતાને બાદ કરતાં માન્ય ગુજરાતી જેવાં છે. **જવુંનું** ભૂ કૃ. **જ્યો**, **ગ્યો** કે **જેલો**.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ઉત્તર ગુજરાતના ભાષાસ્વરૂપ વિષે આપણને ગ્રીઅર્સનમાંથી આવી માહિતી પ્રાપ્ત થાય છે.

(૨) ગ્રીઅર્સનનું દોહન–અનુસરણ

આ પછીથી આપણને પ્રા. કે. કા. શાસ્ત્રીના 'અક્ષર અને શબ્દ' પુસ્તકમાંથી 'ગુજરાતની બોલીઓ' શીર્ષક તળે ભિન્નભિન્ન બોલીઓ વિષેનાં વિધાનો મળે છે. તેમાં જે ઉત્તર ગુજરાતી વિષેનાં લક્ષણો પ્રાપ્ત થાય છે તેમાં ગ્રીઅર્સન કરતાં કોઈ નોંધપાત્ર જુદાપણું જણાતું નથી. એથી એ છાપમૂલક અને ઉપરચોટિયાં વિધાનોની ચર્ચા અહીં અપ્રસ્તુત ગણી છે.

ત્યારબાદ, આ ભાષાસ્વરૂપની વિગત આપણને ડૉ. ટી. એન. દવેના ઈ. સ. ૧૯૪૮ માં બહાર પડેલા 'ધ લેન્ગ્વેજ ઑવ મહાગુજરાત'માં પ્રાપ્ત થાય છે. તેમણે પ્રસ્તુત કરેલી વિગતોમાં બેચાર નગણ્ય દૃષ્ટાંતોના અપવાદે, દૃષ્ટાંતો સહિત, ગ્રીઅર્સનનું જ પુનરાવર્તન જણાય છે.

ડૉ. પંડિતે 'ભાષા અને તેની બોલીઓ' લેખમાં આપેલા આ વાગ્રૂપનાં લક્ષણો પણ આપણને ગ્રીઅર્સનથી બહુ આગળ લઈ જતાં નથી. તેમ છતાં (૧) સાબરકાંઠા અને બનાસકાંઠામાં આદ્યાક્ષરના –अ નો –ओ કે –ऑ થાય છે; (૨) શિષ્ટમાન્ય એવા ઘોષ તાલવ્ય સ્પર્શસંઘર્ષી, તાલવ્ય સંઘર્ષીથી ખસેડાય છે; (૩) આ બંને લક્ષણોના પ્રસારકેન્દ્ર તરીકે બીલી વિસ્તાર સંભવે છે; (૪) ड અને ड़ વચ્ચે ભેદકત્વનો અભાવ છે: વગેરેમાં ડૉ. પંડિતનું વિશેષ નિરીક્ષણ જોવા મળે છે. જો કે સમસ્ત વાક્સ્વરૂપની દૃષ્ટિએ આ વિધાનો ચર્ચાસ્પદ ગણી શકાય.

ડૉ. વ્યાસે 'બોલીવિજ્ઞાન અને ગુજરાતની બોલીઓ'માં નોંધેલા આ વાગ્રૂપનાં લક્ષણો પણ મહદંશે નોંધાયેલાં લક્ષણોને જ નિર્દેશે છે. (૧) य, ए અને ई એ व् પછી આવતા હોય તો व् સંભળાતો નથી, (૨) ड़ અને ण् ની પહેલાંનો र् य्-શ્રુતિરૂપે સંભળાય છે; ('જોડણીકોશ'નો હવાલો નાંખી માન્ય ભાષામાં પણ આવા વલણની સંભાવનાનો તેમણે નિર્દેશ કર્યો છે;) (૩) બે સ્વરની વચ્ચે આવતો ह् આ બોલીઓમાંથી અદૃશ્ય થઈ ગયો છે તેમ જણાવ્યું છે. આ તેમના વિશેષ નિરીક્ષણો છે એમ કહી શકાય.

આ ઉપરાંત વ્યાકરણવિષયક નિરીક્ષણોમાં (૧) ભવિષ્યકાળનો સૂચક श કેટલેક સ્થાને લોપાય છે; (૨) ખાસ કરીને ૫. પુ. અને બી. પુ. એ.વ. નાં

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

રૂપોમાં એ પ્રત્યય પુરુષવચનના પ્રત્યયો સહિત ઉચ્ચારાતો નથી, (દા. ત. (**હું બોલીશ > હું બોલ**) અને (૩) ळूમાંનો અ દીર્ઘ હોય છે અને ક્યારેક ગ્લોટલ સ્ટોપની નજીકનો ઉચ્ચાર પણ સંભળાય છે એ તારણો વિશિષ્ટ ગણાય.

પ્રો. જયંત કોઠારીનું 'ભાષાપરિચય અને ગુજરાતી ભાષાનું સ્વરૂપ' પુસ્તક તો પાઠ્યપુસ્તક હોઈ ત્યાં આ અંગે વિશેષ અપેક્ષા રાખવાની હોય નહીં. આ પુસ્તકમાં, ઉપલબ્ધ સાહિત્યના આધારે જે કંઈ કહેવાયું છે તે ચોકસાઈપૂર્વક મૂકવામાં આવ્યું છે તે નાનીસૂની વાત ન કહેવાય.

આમ છતાં પ્રો. કોઠારીએ સ્ત્રીલિંગમાં વિશેષણ અને કૃદંતના ઉપયોગવાળા ક્રિયાપદના રૂપને બહુવચનનો ओ પ્રત્યય લાગે છે (**बधियो बायडियो ऊभियो हतियो**) તે વાક્યસ્તર પરના નિરીક્ષણને નોંધ્યું છે તે તેમની વિશેષતા ગણાય.

આ પરથી વાચક જોશે કે એક યા બીજી રીતે આજ સુધી બહુધા ગ્રીઅર્સનનાં તારણો જ શૈલીભેદે રજૂ થતાં રહ્યાં છે. ગ્રીઅર્સનના સર્વેક્ષણનો છેલ્લો ભાગ પ્રકાશિત થઈ ચૂક્યા પછી આજે અર્ધી શતાબ્દી વીતી ગઈ હોવા છતાં બોલીકાર્યમાં આપણે હજી તેનાથી એક પગલું પણ આગળ ગયા નથી તે વાત સ્વીકારવી રહી. ઊલટું, કોઈ કોઈ કિસ્સાઓમાં તો લક્ષણો અને દૃષ્ટાંતો સુધ્ધાં ગ્રીઅર્સનમાંથી જ ઉઠાવેલા હોય તેમ જણાય છે. આ જોતાં બોલીકાર્ય અંગે આપણે એકડે એકથી આરંભવાનું રહ્યું.

(૩) ડૉ. દવેનું સીમાપ્રદેશનું સર્વેક્ષણ

આ સંદર્ભમાં ડૉ. દવેએ કરેલા ગુજરાતના સીમાપ્રદેશના સર્વેક્ષણને અહીં યાદ કરવું ઘટે છે. ગુજરાતી ભાષાના વાગ્રૂપો પર તાલીમ પામેલા ભાષાવિદ્ દ્વારા થયેલું, ક્ષેત્રકાર્ય પર આધારિત આ પહેલવેલું કાર્ય ગણાવી શકાય. 'લિંગ્વિસ્ટિક સર્વે ઑવ ધ બૉર્ડરલેન્ડ્ઝ ઑવ ગુજરાત' એ શીર્ષક તળે ડૉ. દવેના ગુજરાત રિસર્ચ સોસાયટીના જર્નલમાં ૧૯૪૩થી માંડીને ૧૯૪૮ સુધીમાં આ વિષેના પાંચેક લેખો છપાયા છે. એ લેખોની વિગતમાં નહીં જતાં તેમણે રજૂ કરેલાં જે તારણો છે તેમાંથી, ઉત્તર ગુજરાતના વાક્સ્વરૂપની વિચારણાના સંદર્ભમાં જરૂરી તારણોનો અહીં વિચાર કરીએ. દક્ષિણ ગુજરાતના સીમાપ્રદેશના તેમનાં નિરીક્ષણોને તેમ જ ઉત્તર ગુજરાતની બીજી બોલીઓનાં નિરીક્ષણોને આપણે, પ્રસ્તુત નહીં હોવાથી, અહીં સ્પર્શીશું નહીં.

For Private and Personal Use Only

ગુજરાતમાં ક્ષેત્રકાર્ય પર નિર્ભર હોય અને ભાષાવિજ્ઞાની દ્વારા થયું હોય તેવું બોલીવિષયક આ પહેલું કાર્ય છે. ગુજરાતના સીમાડાઓ પર બોલાતા ભાષાસ્વરૂપોનું સર્વેક્ષણ કરીને તેમણે આ સંશોધનલેખોમાં આ સ્વરૂપોને વર્ગીકૃત કરવા પ્રયત્ન કર્યો છે. આમાંથી અહીં પ્રસ્તુત છે તેવાં સ્વરૂપોની વિગત નીચે પ્રમાણે છે :

સાંતલપુરી :

આ સ્વરૂપ વિષે ડૉ. દવેએ જણાવ્યું છે કે ઉત્તર તરફ તે વાવેચી સાથે ભળે છે અને પૂર્વમાં વઢિયારી સાથે. આ બંને ગુજરાતની તળભૂમિની બોલીઓ છે.

સાંતલપુર વિસ્તારની મુખ્ય કોમ સરદાર કે રાજપૂત છે. આથી તે લોકોના વાક્સ્વરૂપને ડૉ. દવેએ માન્યરૂપ ગણ્યું છે.

સાંતલપુરીનાં લક્ષણો :

(ક) પાલણપુરી–મારવાડીની સીમારેખા પર જેમ અલ્પપ્રાણ / મહાપ્રાણ સ્પર્શો વચ્ચે અરાજકતા એ લક્ષણ બની રહે છે તેવું આમાં નથી. સ્પર્શો જે તે ઉચ્ચારણ જાળવી રાખે છે.

(ખ) આમાં માત્ર छ् નો स् અને અમુક સંજોગોમાં ज् નો ज़् થાય છે.

(ગ) ઉત્તરગુજરાતની અન્ય બોલીઓમાં રહેલા અલ્પપ્રાણ થડકારયુક્ત ધ્વનિ [ड़] ના ઘોષત્વવાળું રૂપ [ड़ह] આ બોલીમાં જણાતું નથી.

(ઘ) દંત્યસંઘર્ષી [स्] આમાં હમેશાં નિમ્નકંઠ્ય અઘોષ [स़्] માં પરિણમે છે.

જ્યારે તાલવ્યસંઘર્ષી [श्] ભવિષ્યકાળમાં જેમનો તેમ રહે છે પરંતુ અન્યત્ર તે દંત્યસંઘર્ષી [स्] માં પરિણમે છે.

(ઙ) નિમ્નકંઠ્ય ઘોષસંઘર્ષી [ह्] ભારરહિતના અને ખાસ કરીને ભાર પછીના સ્થાને લોપાય છે.

(ચ) માન્ય ગુજરાતીમાં રહેલા ઘોષ મૂર્ધન્ય પાર્શ્વિક [ळ्] નો અહીં અભાવ છે.

આમાં સ્પષ્ટપણે કચ્છી દ્વારા સિંધીની અસર દેખાય છે. તે બંનેમાં ळ् નો र् થાય છે.

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

(છ) આં, ઉં તેમ જ ઈં નું આમાં કોઈ પણ સંજોગોમાં પરિવર્તન થતું નથી.

વાવેચી :

ડૉ. દવેના જણાવ્યા મુજબ સાંતલપુરી કરતાં આ બોલી જુદી પડે છે. તેમણે આપેલાં આ બોલીનાં લક્ષણો નીચે મુજબ છે :

(ક) અંત્ય –ઉં નાં ઉચ્ચારણો નીચેની ત્રણ રીતે થાય છે :

(અ) ઉં

(બ) ઑં

(ક) આં

માન્ય ગુજરાતીના આં નું ઉચ્ચારણ આમાં ઑં તરીકે થાય છે અને તે ઉચ્ચારણ સાથે આમાં જે ઉં નું પણ ઑં ઉચ્ચારણ થાય છે તે ગૂંચવણ પેદા કરે છે.

આમ થવાથી વર્તમાનકાળના પ. પુ. એ.વ. અને ભવિષ્યકાળના પ. પુ. બ.વ. (જે અંતે ઉં માં પરિણમે છે) તેમ જ આ બંનેના બ.વ., (જે અંતે આં માં પરિણમે છે) તે વચ્ચે ભારે ગૂંચવણ ઊભી થાય છે.

માન્ય ગુજરાતીનું ઈ > એ પરિવર્તન અમુક સ્થાનોમાં થતું હોવાનું શરૂ થયું હોવા છતાં તે વ્યાપક નથી. આ સ્વરપરિવર્તનો મારવાડી અસરનાં કારણે છે.

વ્યંજનો :

કંઠ્ય વ્યંજનોનાં ઉચ્ચારણો નિર્બળતા દાખવે છે. તાલવ્ય અર્ધસ્વર य થી અનુસરાતા આ ધ્વનિઓ તાલવ્ય ઉચ્ચારણોમાં ફેરવાય છે. આ રીતે क् + ओ > को, પરંતુ क् + ई ~ य् > ची ~ च्य् ; ख् + उ > खो પરંતુ ख् + ए > छे.

બીજી બાજુએ તાલવ્યો અગ્ર ગતિ દાખવી પોતાના સ્પર્શત્વને કાં તો નિર્બળ બનાવે છે અથવા ગુમાવે છે. અલ્પપ્રાણ च् અને મહાપ્રાણ छ् આ બંને તાલવ્યો વર્ત્સ્ય સ્પર્શ–સંઘર્ષી તરીકે ઉચ્ચારાય છે અને ઝડપી વાતચીતમાં તો તેનું ઉચ્ચારણ અઘોષ દંત્યસંઘર્ષી [स्] તરીકેનું જ સંભળાય છે. જ્યારે ઘોષ તાલવ્યો ज्झ અને ज्झ સંભળાય છે અથવા બહુધા દંત્યસંઘર્ષી [फ] તરીકે સંભળાય છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અલ્પપ્રાણ અઘોષ [છ્] પણ દંત્યસંઘર્ષી [θ] તરીકે સંભળાતો હોય છે.

ડૉ. દવેને સાંતલપુરીમાંથી વાવેચીમાં સંક્રાંત થવાના વલણનો પ્રારંભ સાંતલપુરથી વાવ જતાં જજામ ગામેથી જણાયો હતો. જ્યારે સુઈ ગામમાં ઉપર નોંધેલાં બધાં જ પરિવર્તનો પૂરેપૂરાં અમલમાં હોવાનું જણાયું હતું.

ત્યાં ळ નો છૂટથી ઉપયોગ, स् નું હમેશાં स् માં પરિવર્તન, ऱ् નું ड़ જેવું ઉચ્ચારણ સંભળાવું અર્થાત્ સંઘર્ષી કે થડકારયુક્ત નહીં સંભળાતાં લોડિત પ્રકારનું બનવું. स् અને श् એ બંને સંઘર્ષીઓનું હોવું, અંત્ય વ્યંજનનું કોઈ પણ સંજોગોમાં તાલવ્યીકરણ ન થવું, ड़ह નો અભાવ વગેરે લક્ષણો પ્રચલિત હતાં.

આ પછીથી ડૉ. દવે બક્કસારી બોલી વિષે વાત કરે છે.

બક્કસારી : થર-પારકરી

સરખામણીએ મારવાડીની અસરથી મુક્ત, સાનુસ્વારત્વનું પ્રબળ વલણ હોઈ આઁ, ઈઁ, ઉઁ, એઁ, ઓઁ સ્વરો પૂરેપૂરા સાનુસ્વાર મળવા, માન્યના ઈઁ અને આઁ જળવાવા, ઘણાં નપું. નામો પુંલ્લિંગમાં બદલાઈને એ.વ. માં અંતે -ઓ અને બ.વ.માં આકારાંત [આને ડૉ. દવે સાનુસ્વારત્વના લોપનો નહીં પરંતુ ખસેડવાનો કિસ્સો ગણાવે છે] મળવા, આ નામો સિવાય અંત્ય ઉં નું ટકવું, બ.વ.ની આથી ખસેડાયા ન હોય તેવા આં નું ઓં થવું, આઈ અને ઈઅ જેવા સ્વરયુગ્મોનું અનુક્રમે અઈ અને ઈ જેવાં હ્રૂંકારરૂપોમાં ન પલટાવું ઇત્યાદિ આ બોલીનાં સ્વર પરત્વેનાં લક્ષણો છે.

તાલવ્ય સ્વરો કે અર્ધસ્વરો પૂર્વેના કંઠ્યોનું તાલવ્યોમાં ન પલટાવું, તાલવ્યોનું स માં નહીં પલટાવું, ज् ના દંત્ય સંઘર્ષી ઉચ્ચારણનો અભાવ, स् ના स् માં પરિવર્તનનો અભાવ, स् અને श् એ બંનેનું પૂરેપૂરું પ્રચલન, ळ નું અસ્તિત્વ, મારવાડી અનુગો રો, રી નો ઉપયોગ, માન્યના વ્યંજનાંત શબ્દોનું અહીં ઈ, એ, ઉ કે અકારાંતોમાં પરિણમવું [આને ડૉ. દવે સિંધી ભાષાની ટકી રહેલી અસર ગણે છે] વગેરે વ્યંજન પરત્વેનાં લક્ષણો છે.

વઢિયારી :

આ બોલી વઢિયારમાં બોલાય છે. આ પ્રદેશ પૂર્વમાં હારીજને અડકે છે, દક્ષિણે સમી અને મુંજપુર સુધી જાય છે, ઉત્તરમાં દિઓદર સુધી અને પશ્ચિમે રાધનપુર વારાહી સુધી ફેલાયેલો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ડૉ. દવે વઢિયારીનાં લક્ષણો નીચે મુજબ નોંધે છે :

આરંભમાં ડૉ. દવે એ સ્પષ્ટ કરે છે કે ખરું જોતાં આ બોલી વાવેચીનાં જ લક્ષણોના સાતત્યવાળી ગણાય. આમાં વાવેચી કરતાં જે તે બધાં જ લક્ષણો વધારે સ્પષ્ટ રીતે પ્રદર્શિત થાય છે તેટલો જ તફાવત જણાય છે.

વાવેચીની જેમ કંઠ્યોનું તાલવ્યોમાં પરિવર્તન થવું, જેમ કે **काकी–काची, आंखो > ओंछो**; **च** અને **छ**નાં ઉચ્ચારણો **स्**માં પરિવર્તિત થવાં, જેમ કે માન્યના **काचुं**નું વાવેચીમાં **काचौं** અને વંઢિયારીમાં **कासुं**; **ज्**ના દંત્ય ઉચ્ચારણનું ભારયુક્ત અક્ષરોમાં **झ** તરીકે અને ભારમુક્તમાં **ज़्** તરીકે ઉચ્ચારણ થવું; મારવાડીમાં થતા **आं > ओं, उं > ओं**, અને **ईं > ओं** જેવાં પરિવર્તનોનું છુટકળપણું; **ळ्**નું અસ્તિત્વ વગેરે આ બોલીનાં લક્ષણો છે.

ડૉ. દવે સરખામણી કરતાં જણાવે છે કે એકંદરે આ બોલી ઝીંઝુવાડા, પાંટડી અને ટીકર ઝાલાવાડી સાથે બેસે છે.

અહીં સુધી જોતાં એમ કહી શકાય કે ડૉ. દવેએ આટલી બોલીઓની વાત કરી છે તેમાં ઉત્તર ગુજરાતની પશ્ચિમ તરફની આખી સીમા આવરી લેવાઈ છે. હવે ઉપર તરફના ભાગે ઉત્તરમાં પશ્ચિમ તરફથી પૂર્વ તરફના છેડાને જોઈએ. આ તરફની આખી સીમા પર રાજસ્થાનની બોલીઓ ગુજરાતીના વાક્સ્વરૂપને અડકે છે. ડૉ. દવેનાં આ તરફની બોલીઓનાં નિરીક્ષણો આ મુજબનાં છે :

ડૉ. દવે નોંધે છે કે થરાદરી–મારવાડી સીમાએ બોલાતું ભાષાસ્વરૂપ થરાદરી કરતાં ભિન્ન છે. આનાં તેમણે આપેલાં લક્ષણો નીચે મુજબ છે:

સાનુસ્વારત્વનો ખાસ કરીને એમાં લોપ અને અન્ય સ્વરોમાં નિર્બળતા, **स्**નો બહુધા **स़्** થવો, ભવિષ્યકાળમાં **श**નું જળવાવું, આવેતુ શબ્દોમાંના **ष्** નો **ख्** ઉચ્ચારાવો, **ळ्**નું અસ્તિત્વ, **ड़्ह**નું અનસ્તિત્વ, **आई > अई, अई > ई, ईय > य, व्य > य** જેવા ફેરફારો, સ્વરાંતર્ગત –**ह्**નો લોપ, સબળ ક્રિયાપદોના નિયમિત કર્મણિ રૂપમાં અંગ અને કર્મણિ અનુગ વચ્ચે, માન્ય–**खा**ના કર્મણિ **खवाय**માં **खव्–र्–आय**ની જેમ, –**र्**નો પ્રક્ષેપ, માન્ય **जावुं छे** તે બદલે આ બોલીમાં **जात्रणाँ छे** જેવાં રૂપ [આ લક્ષણને ડૉ. દવે મારવાડી અસર ગણે છે]નું પ્રચલન ઇત્યાદિ આ બોલીનાં લક્ષણો છે.

૬ બોલીવિભાજન :

ડૉ. દવે આ બોલીઓને ત્રણ જૂથમાં વહેંચી નાંખે છે. એ ત્રણેનાં નામ આ પ્રમાણે છે :

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧. પશ્ચિમ તરફનું જૂથ કે સાંતલપુરી
૨. મધ્યનું જૂથ કે વાવેચી–વઢિયારી
૩. પૂર્વનું જૂથ કે મારવાડી–થરાદરી

પહેલા જૂથના એટલે કે સાંતલપુરીનાં લક્ષણોમાં, ઉચ્ચારણમાં જેમના તેમ ટકી રહેવાપણું, કંઠય અને તાલવ્યોમાં પણ આ જ વાત હોવી, સાનુસ્વારત્વની પ્રબળતા, ઉં તથા ઈંના અનુક્રમે ઓં અને ઍંમાં પરિવર્તન થવાનો અભાવ ઇત્યાદિ મુખ્ય છે.

બક્કસારીમાં જૂનાં લક્ષણોવાળા ધ્વનિઓ ટકી રહ્યા હોય તેમ જણાય છે. કચ્છીના કારણે સાંતલપુરીમાં તે જવા તરફનું વલણ જણાય છે તેમ ડૉ. દવેનું કહેવું છે.

આ પછીથી તેમણે મધ્યનું જૂથ બનાવ્યું છે તેનાં લક્ષણો નીચે મુજબ આપ્યાં છે :

કંઠય પછી તાલવ્ય આવતાં કંઠયનો તાલવ્ય થાય છે તે તાલવ્ય નિયમનું પ્રચલન, ળ્નું અસ્તિત્વ, તાલવ્ય સ્પર્શોનું દંત્યસંઘર્ષીઓમાં પરિવર્તન, સાનુસ્વારત્વમાં અતંત્રતા વગેરેનો આમાં સમાવેશ થાય છે.

તેમણે પાડેલું ત્રીજું જૂથ તે પૂર્વ તરફનું છે. આ જૂથનાં લક્ષણોમાં મારવાડીની પ્રબળ અસર, અનુસ્વારનો લોપ, તાલવ્ય બનવાના નિયમનો અભાવ, સાનુસ્વાર સંવૃત દીર્ઘ સ્વરોનું વિવૃતત્ત્વ ઇત્યાદિને ગણાવી શકાય.

આ સંદર્ભમાં ડૉ. દવે એક એવું નિરીક્ષણ કરે છે કે કાઠિયાવાડની હાલારીના માત્ર ળ્નો તેમાં અભાવ હોવાનું લક્ષણ બાદ કરતાં બાકીનાં બધાં જ લક્ષણો સમાન છે. તેઓ જણાવે છે કે ળ્ તો સાંતલપુરીએ પણ ગુમાવ્યો છે. પછીથી તેઓ ઉમેરે છે કે જો આ તપાસ આગળ જારી રાખવામાં આવે તો થરપારકરની પણ કોઈ બોલી ળ્ વિનાની મળવાનો સંભવ છે. જો આમ બને તો થર–પારકરી, સાંતલપુરી અને હાલારી એ ત્રણે ઘનિષ્ઠ રીતે જોડાયેલી બોલીઓનો એક ભાષાપટ્ટો ગણાવી શકાય.

પશ્ચિમ તરફની બક્કસારીમાં ળ્નું અસ્તિત્વ પ્રાચીન સ્વરૂપને નિર્દેશે છે. સાંતલપુરી, જેમાં કચ્છી અસરના કારણે ળ્ લોપાયો છે તે કદાચ તેના પછીનું બક્કસારીનું પરિવર્ધિત સ્વરૂપ નિદર્શતી હોય; અને હાલારી, જે ળ્લોપ તેમ જ અન્ય સમાન કચ્છીનાં લક્ષણો ધરાવે છે તે ચોક્કસપણે તે જ બોલીનું છેલ્લું સ્વરૂપ હોય.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગુજરાત અને કાઠિયાવાડના સમસ્ત વિસ્તારમાં મહારાષ્ટ્રી પ્રાકૃત સાથે ઘનિષ્ઠ સંબંધ ધરાવતું પ્રાચીન ભાષારૂપ પ્રચલિત હતું આની પર પૂર્વ તરફની પટ્ટીમાં મારવાડી લક્ષણો ધરાવતી એક બીજી બોલી લદાઈ હતી. ઝાલાવાડમાં તેની પર પ્રાચીન બોલી વઢિયારી લદાયેલી હતી અને હાલારમાં સાંતલપુરીને મળતું ગુજરાતીનું પ્રાચીન વાક્‌સ્વરૂપ હતું તે, કચ્છીની અસર સમેત, લદાયેલું હતું.

આમ, વાવેચી–વઢિયારી વિસ્તાર, ગુજરાતમાંના ભરુચ અને સુરત વિસ્તાર, કાઠિયાવાડના સોરઠ અને ગોહિલવાડ વિસ્તાર ઇત્યાદિમાં અત્યારે જે ગુજરાતી બોલાય છે તે ભિનલદાયેલી પેટાસ્તરની છે, જ્યારે બાકીના વિસ્તારમાં બોલાતી ગુજરાતી તે પ્રાચીન પેટાસ્તર અને લદાયેલા નૂતન સ્તર વચ્ચેના સંસર્ગના પરિણામે ઉદ્‌ભવેલી ગુજરાતી છે.

ડૉ. દવેએ પ્રસ્તુત કરેલી મર્યાદિત ક્ષેત્ર પૂરતી આ સામગ્રી પ્રમાણમાં ઓછી હોવા છતાં ક્ષેત્રકાર્ય પર નિર્ભર અને અધિકારી ભાષાવિજ્ઞાની પાસેથી મળતી હોવાથી અધિકૃત બની રહે છે. વળી સામગ્રીના આધાર પર તેમણે રજૂ કરેલું આ બોલીઓના વર્ગીકરણનું પ્રકલ્પન પણ વિસ્તૃત પ્રમાણમાં ભાષાસામગ્રી એકત્રિત કરીને ચકાસવા જેવું છે.

આ કાર્ય પછીથી તો આપણે આ અગાઉ જોયું છે તેમ ઉત્તર ગુજરાતી વાક્‌સ્વરૂપ પર ક્ષેત્રકાર્યનિર્ભર કાર્યો થયેલાં નથી; અને જે કંઈ માહિતી પ્રાપ્ત થાય છે તે એક યા બીજી રીતે ડૉ. ગ્રીઅર્સનના આધાર પર મુકાયેલી હોય તેવું જણાય છે.

આ સમગ્ર ચિત્રને નજર સામે રાખીએ તો એમ કહી શકાય કે ગુજરાતમાં હજી હવે બોલીઓ વિષેના શાસ્ત્રીય પ્રકારનાં કાર્યોનો આપણે આરંભ કરવાનો છે.

(૪) ઉત્તર ગુજરાતનાં વાક્‌સ્વરૂપોનો સંસર્ગ

પશ્ચિમ તરફના નીચેના છેડે વારાહી તાલુકાના પીપરાખી ગામ પાસેથી કચ્છનું નાનું રણ શરૂ થાય છે. અહીંના વાક્‌સ્વરૂપનો કચ્છના રાપર તાલુકાના સણવા, આડેસર વગેરે ગામોમાં બોલાતા ભાષાસ્વરૂપ સાથે સંપર્ક થાય છે. ત્યારબાદ પશ્ચિમ તરફ નીચેના આ દક્ષિણ છેડાથી જરા ઉપર તરફ જઇને વારાહી તાલુકાના જજામ ગામ સુધી જઇએ તો ત્યાંથી ભાષાસ્વરૂપમાં થોડો ફેરફાર થતો જણાય છે. અહીંથી શરૂ થતું આ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષાસ્વરૂપ ઉત્તર તરફના છેડે આવેલા વાવ તાલુકાના કુંડાળિયા ગામ સુધી લગભગ એકસરખું હોવાનું જણાય છે. આ ઉત્તરથી દક્ષિણ તરફની પટ્ટીને સમાંતર કચ્છનું મોટું રણ આવેલું છે. અને રણને પેલે પાર પાકિસ્તાનનો થરપારકર પ્રદેશ આવેલો છે. આમ જખામથી માંડી કુંડાળિયા સુધીના ભાષાસ્વરૂપ સાથે પાકિસ્તાનની રચના પૂર્વે થરપારકરના ભાષાસ્વરૂપનો સંપર્ક હતો. આજે આ દિશા બંધ થઈ ગયેલી હોઈ તે આખી પટ્ટીનું ભાષાસ્વરૂપ કચ્છના મોટા રણની સીમારેખાથી નિબદ્ધ થયેલું ગણાય.

ત્યારબાદ ઉપરની ઉત્તર દિશાએ આવતાં પશ્ચિમ છેડે આવેલા કુંડાળિયાથી માંડીને પૂર્વના છેડેના ખેડબ્રહ્મા તાલુકાના પોશીના સુધીના સમસ્ત વિસ્તારમાં બોલાતા ગુજરાતીના સ્વરૂપ સાથે રાજસ્થાનીનાં સ્વરૂપો અને પૂર્વ છેડા તરફ જતાં અમીરગઢથી માંડીને છેક છેડાના પોશીના સુધીના જંગલવિસ્તારમાં ભીલીનાં સ્વરૂપો સંપર્કમાં આવે છે.

આમાં પશ્ચિમ તરફના છેડે આવેલા બારમેર જિલ્લાની નીચેના ભાગે આવેલા ભિન્નમાલ અને રાણીવાડા ગામોના વિસ્તારમાં બોલાતું રાજસ્થાનીનું એક ભાષાસ્વરૂપ, વચ્ચેના સિરોહી જિલ્લામાં આબુરોડના વિસ્તારમાં બોલાતું મારવાડી નામે ઓળખાતું રૂપ, ત્યારબાદ જંગલમાં બોલાતાં ભીલ ભાષાઓનાં ભિન્નભિન્ન સ્વરૂપો છેક ઉત્તરે અમીરગઢથી માંડીને પૂર્વે રતનપુર સુધીના અર્ધચંદ્રાકાર વિસ્તારને આવરી લેતાં જણાય છે. આ સ્વરૂપો રાજસ્થાનની સરહદે ડુંગરપુર–વાંસવાડામાં બોલાતાં સ્વરૂપોને અડકે છે.

નીચે દક્ષિણમાં ઉત્તર ગુજરાતનું ભાષાસ્વરૂપ સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા, પંચાસર વગેરે ગામોના વિસ્તારમાં બોલાતાં વાક્સ્વરૂપો સાથે મળે છે; પૂર્વ તરફ આગળ વધતાં વીરમગામના માંડળ ગામના સ્વરૂપને મળીને, ગાંધીનગરના રાંધેજા, સરઢવ ઇત્યાદિ ગામોમાં બોલાતા સ્વરૂપને અડકે છે; ત્યારબાદ છેક પૂર્વના છેડા તરફ જતાં આ વાક્સ્વરૂપ ખેડા જિલ્લાના કપડવણજ તથા છેક છેડે પંચમહાલના લુણાવાડા તરફના વિસ્તારમાં બોલાતાં ભાષાસ્વરૂપોને અડકે છે.

ઉત્તર ગુજરાતના વાક્સ્વરૂપની અન્ય વાક્સ્વરૂપો સાથેના સંસર્ગ પરત્વેની સ્થિતિ આ મુજબની છે.

■

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષિક ધ્વનિવિજ્ઞાનનો વિકાસ

ભારતી મોદી

૧. પ્રારંભ

મનુષ્યની ભાષા બે પ્રકારની સર્જનશક્તિ પ્રકટ કરે છે : મનુષ્ય પોતે મનુષ્ય છે માટે કુદરતી રીતે પ્રાપ્ત ભાષાશક્તિની રૂએ અગણિત વાક્યો સર્જવાની શક્તિ (જે દરેક મનુષ્યમાં હોય), અને આવી અગણિત વાક્યોની શક્યતાવાળી ભાષાનો ઉપયોગ કરી વ્યક્તિગત પ્રજ્ઞા વડે રસસંવેદનાત્મક એવી સાહિત્યની ભાષાનું સર્જન કરવાની શક્તિ (જે દરેક મનુષ્યમાં ન હોય). આવી રીતે બીજા પ્રકારે પ્રકટ થતી સર્જનશક્તિ 'સંસ્કારેલી' ભાષાનું સર્જન કરે.

આમાંથી કઈ ભાષાશક્તિનો અભ્યાસ વૈજ્ઞાનિક રીતે કરવો જોઈએ અને કરી શકાય? આના જવાબમાં સ્વાભાવિક રીતે જ આપણે કહીએ કે સૌથી પહેલાં તો જે સર્વસામાન્ય એવી ભાષા હોય તેને સમજવાનો આગ્રહ રાખવો જરૂરી છે અને ભાષાનો વસ્તુલક્ષી અભ્યાસ કરવા માટે વિશ્લેષણાત્મક, પૃથક્કરણીય અને છતાં બુદ્ધિયુક્ત દૃષ્ટિકોણ રાખી આગળ વધવું પડે કંઈક કાળથી આવો અભ્યાસ કરનારા વિદ્વાનોએ બોલાતી ભાષાના ધ્વનિથી શરૂ કરીને વાક્ય સુધીનાં એકમોનો અભ્યાસ કર્યો છે. પાણિનિથી યે પહેલાંના કાળમાં ધ્વનિઓનો વૈજ્ઞાનિક અભ્યાસ થયો હતો. પાણિનિના અદ્વિતીય વ્યાકરણ 'અષ્ટાધ્યાયી'ની શરૂઆતમાં જ સંસ્કૃત ભાષાના ધ્વનિઓનું જે પૃથક્કરણ રજૂ થયું છે, તે પાણિનિની પહેલાં થઈ ગયું હતું. ઉપરાંત ભાષામાં બે રૂપો એકબીજાની સાથે આવતાં જે જાતના ધ્વનિભેદો નીપજે તેમો સર્વથા વૈજ્ઞાનિક એવો અભ્યાસ સંસ્કૃત વ્યાકરણકારોએ કર્યો હતો. એ જોતાં એટલે સુધી કહી શકાય કે એ લોકો ધ્વનિના સંદર્ભજન્ય ભેદોથી ('એલફોનિક વેરિએશન'થી) વાકેફ હતાં.

દુનિયામાં જ્યાં જ્યાં આવા વૈજ્ઞાનિક પ્રયત્નો થયા ત્યાં ત્યાં ભાષાના અભ્યાસનો પ્રારંભ ધ્વનિના અભ્યાસથી થયો. યુરોપમાં પણ પાંચમી સદી સુધીમાં ધ્વનિ અંગેનું – સ્વર, વ્યંજન, અર્ધસ્વર વ૦નું – સંતોષકારક પૃથક્કરણ થઈ ગયું હતું. ત્યારથી માંડીને ૧૮મી સદી સુધી જુદા જુદા પ્રકારે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આવો અભ્યાસ ચાલુ રહ્યો અને ભાષાનો ઇતિહાસલક્ષી અભ્યાસ પણ ચાલુ થઈ ગયો હતો.

ઇતિહાસલક્ષી ભાષાવિજ્ઞાને એટલું મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું અને તે એટલી પ્રબળતાથી આગળ વધ્યું કે ભાષાવિજ્ઞાન એટલે 'ઇતિહાસલક્ષી અભ્યાસ' એવી હવા ઊભી થઈ. વિલિયમ જોન્સ, ગ્રીમ, બોપ, ફેર્નેર વ૦ જેવાઓની નોંધપાત્ર સિદ્ધિઓ જોતાં આવી હવા ફેલાય તે સ્વાભાવિક જ હતું. આવો અભ્યાસ લિખિત સામગ્રીનો આધારે થાય એ પણ એટલું જ સ્વાભાવિક હતું. પરિણામે બોલાતી ભાષાની થોડી ઉપેક્ષા થઈ. પરંતુ તે અરસામાં તુલનાત્મક અભ્યાસમાં ધ્યાન પરોવતા ભાષાવિજ્ઞાનીઓએ એક મહત્ત્વનું પ્રદાન એ કર્યું કે એમણે ધ્વનિપરિવર્તનની નિયમિતતા અને અપવાદો તપાસી ધ્વનિમાં સંદર્ભને કારણે થતા ફેરફારોની નોંધ લીધી. એમણે જોયું કે ધ્વનિપરિવર્તન એ કોઈ ચમત્કાર કે અકસ્માત નથી, પરંતુ એ પરિવર્તન માટે વૈજ્ઞાનિક કારણો આપી શકાય એમ છે. ધ્વનિપરિવર્તન અંગેના નિયમો શોધવા જતાં આ જાતના સંદર્ભને કારણે થતા ઉચ્ચારણ-ભેદો ઉપર નજર પડી અને ધ્વનિ અંગેની નવી સમજણ આવી. 'ધ્વનિ-ઘટક' જેવું ઘટક સ્થાપિત કરવા અંગેની સૂઝના મૂળમાં આમ થોડે અંશે ઇતિહાસલક્ષી અભ્યાસનો ફાળો પણ ગણવો પડે.

આ અરસામાં ઉચ્ચારણલક્ષી ધ્વનિવિજ્ઞાન ઘણું વિકસી ચૂક્યું હતું. બ્રિટિશ ધ્વનિવિજ્ઞાની હેન્રી સ્વીટનો આ ક્ષેત્રે ઘણો મહત્ત્વનો ફાળો છે. એમણે ધ્વનિઓને વૈજ્ઞાનિક રીતે સફળતાથી રજૂ કરવાની પદ્ધતિ શોધવાના પ્રયત્નો કર્યા. એમણે અક્ષરમાળામાંના કેટલાક અક્ષરો જેમના તેમ રાખી થોડાંક નવાં ચિહ્નો ઉમેર્યાં, અને ધ્વનિઓની વૈજ્ઞાનિક રજૂઆત કરવા માટેનો પાયો નાખ્યો. સ્વીટ અને બીજા ઉચ્ચારણલક્ષી ધ્વનિવિજ્ઞાનીઓએ જોયું કે દરેક ભાષાની ચાલી આવેલી અક્ષરમાળાઓ (લખવા માટે જે ચિહ્નો વાપરે છે તે) એક રીતે જોતાં ભાષાનું કુદરતી નહિ એવું પાસું રજૂ કરે છે. ભાષાને જે કુદરતી છે તે તો ભાષા બોલવા માટે પ્રયોજાતા ધ્વનિઓ. આથી ધ્વનિઓનો અભ્યાસ તો વ્યવસ્થિત રીતે થવો જ જોઈએ. લિખિત સંકેતો આપણી બોલાતી ભાષાના ધ્વનિઓની આબેહૂબ પ્રામાણિક પ્રતિકૃતિ આપી શકતા નથી. દરેક ભાષાના લિખિત સંકેતો વર્ષોજૂના હોય છે. જ્યારે બોલાતી ભાષાના ધ્વનિઓ તો જાણ્યે-અજાણ્યે બદલતા રહેતા હોય છે. એવા બદલાતા જતા સ્વરૂપને સતત અનુરૂપ રહેવું તે લિખિત સંકેતપદ્ધતિ માટે

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

શક્ય નથી. લિખિત સંકેતપદ્ધતિ ('ઓર્થોગ્રફી') અને ભાષાના ધ્વનિ વચ્ચેનું અંતર વધતું રહે છે. આવી પરિસ્થિતિમાં જો કોઈ સર્વમાન્ય એવી મનુષ્યની ઉચ્ચારણપ્રક્રિયા દ્વારા નિષ્પન્ન થતા જુદાજુદા ધ્વનિઓ માટે સૂચક ચિહ્નો આપી શકે એવી પદ્ધતિ યોજવામાં આવે તો ઉચિત થાય એવું ધ્વનિવિજ્ઞાનીઓને લાગ્યું. હેન્રી સ્વીટનો આવો પ્રયત્ન કરવામાં મોટો ફાળો હતો. આ પ્રયત્નોને પરિણામે આપણને 'ઇન્ટર્નેશનલ ફોનેટિક એલ્ફબેટ' (આઈ. પી. એ.) પ્રાપ્ત થાય છે. દુનિયાની કોઈ પણ ભાષાના ધ્વનિઓ માટે સરખી રીતે ઉપયોગી નીવડે એવાં – ધ્વનિઓ વચ્ચેના સૂક્ષ્મ ભેદ રજૂ કરી શકે એવાં–ચિહ્નો, ભેદક ચિહ્નો ('ડાયક્રિટિક માર્ક્સ') એમાં સમાવાયાં. આમ વીસમી સદીની શરૂઆત સુધીમાં ઉચ્ચારણલક્ષી ધ્વનિવિજ્ઞાને વ્યવસ્થિત સ્વરૂપ પ્રાપ્ત કરી લીધું હતું.

આ દરમ્યાન શરીરવિજ્ઞાનના વિકાસનો લાભ પણ ધ્વનિવિજ્ઞાનીઓને મળી ચૂક્યો. અભ્યાસ કરી એમણે ઉચ્ચારણ વખતની શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયાને પૂર્ણપણે સમજી લીધી.

મનુષ્ય જ્યારે ભાષા બોલે છે ત્યારે એની ભાષાના ધ્વનિ અમુક ક્રમમાં આવતા હોય છે. આપણી ઉચ્ચારણની ઇન્દ્રિયોની એ મર્યાદા છે કે આપણે જે બોલવું હોય તેના ધ્વનિ એક પછી એક એમ ક્રમવાર જ બોલવા પડે, બધા ધ્વનિ એકી સાથે એક જ સમયે બોલી શકાય નહિ. આથી સ્વાભાવિક રીતે જ પહેલો ધ્વનિ બોલાયા પછી જ બીજો શક્ય બને અને પછી ત્રીજો એમ આગળ વધાય. આમ આપણાં ઉચ્ચારણોને કાલવિષયક લક્ષણ – temporal feature – લાગુ પડે, એટલું જ નહિ પણ એક પછી એક બોલાતા હોવાને લીધે જ આ ઉચ્ચારણોને આપણે જ્યારે લખીએ છીએ ત્યારે પણ એવી રીતે ક્રમબદ્ધ હારમાં ગોઠવીએ છીએ. આવા કાલવિષયક લક્ષણને લીધે જ ધ્વનિઓની અવિચ્છેદનીય સાંકળમાંથી ('કન્ટિન્યુઅમ'માંથી) આપણે જુદા જુદા ધ્વનિ તારવી શકીએ છીએ.

હવે, આ બોલાયેલા ધ્વનિ આપણે સાંભળીએ કે તરત આપણું મગજ એની નોંધ લે અને ગ્રહણ કે ઉપલબ્ધિ કરવાની પ્રક્રિયા ('પર્સેપ્શન') ચાલુ થાય, આમ એકી સાથે ઉચ્ચારણમૂલક ('આર્ટિક્યુલેટરી'), શ્રવણમૂલક ('અકૂસ્ટિક') અને શ્રવણતંતુમૂલક ('ઑડિટરી') અભ્યાસ ધ્વનિવિજ્ઞાનીઓએ કરવો રહ્યો. મનુષ્યનું શારીરિક તંત્ર જ એવું છે કે ભાષા માટે આ ત્રણેને લગતી પ્રવૃત્તિ એકી સાથે ચાલુ થાય. બોલવું–સાંભળવું–સમજવું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અને ફરી પાછું બોલવું એમ ક્રમ ચાલુ રહે. આથી મનુષ્યભાષા એ એક અતિ સંકુલ ચક્રનું પરિણામ છે. માત્ર ઉચ્ચારણ ઉપર ધ્યાન રાખીએ એટલે ધ્વનિનો અભ્યાસ સમાપ્ત થાય નહિ.

મનુષ્યના વિચાર જ્યારે ભાષાનું રૂપ લેતા હોય ત્યારે મનુષ્યની સમઝવાની અને ગ્રહણ કરવાની અને બોલવા–સાંભળવાની પ્રક્રિયા ચાલુ થાય છે. જ્ઞાનતંતુને આધીન રહી બોલવા માટે ઉપયોગી એવી ઇન્દ્રિયોનું અમુક પ્રકારનું હલનચલન શરૂ થાય અને અર્થપૂર્ણ એવી ધ્વનિની હારમાળા નિષ્પન્ન થાય. આવા બોલાયેલા ધ્વનિ, સાંભળવા માટે ઉપયુક્ત ઇન્દ્રિય ઝીલે અને ત્યાંથી પછી જ્ઞાનતંતુની મદદ વડે સાંભળેલું સમઝાય અને મંજૂર થાય – એને બહાલી મળે. આપણે બોલીએ તે જો તરત સાંભળી ન શકીએ તો એને ગ્રહણ કરવાની પ્રક્રિયા તે જ ઘડીએ ચાલુ ન થાય. અને તો આપણે બોલ્યા તે બરાબર હતું કે નહિ તે તરત કહી શકાય નહિ. એક જ વ્યક્તિમાં આ પ્રક્રિયાઓનું ચક્ર સંપૂર્ણ રીતે ફરે. આ પ્રક્રિયાઓને એક-બીજાથી છૂટી પાડી શકાય નહિ. ધ્વનિવિજ્ઞાનીઓએ આથી ત્રણે પ્રક્રિયાઓનો અભ્યાસ કરવો રહ્યો.

આમાં સૌથી પ્રથમ ઉચ્ચારણમૂલક ધ્વનિવિજ્ઞાન વિકસ્યું. આપણે ઉચ્ચારણ વખતે થતું ઇન્દ્રિયોનું હલનચલન જોઈ શકીએ છીએ અને એથી આવો અભ્યાસ સહેજ સહેલો થઈ પડે છે. શ્રવણમૂલક કે શ્રવણતંતુમૂલક ધ્વનિવિજ્ઞાનનો અભ્યાસ તો ભૌતિક વિજ્ઞાન કે જ્ઞાનતંતુ અંગેના વિજ્ઞાનના વિકાસ ઉપર આધાર રાખે. છેક ૧૯૩૦ થી ૧૯૪૦ ની આસપાસ ભૌતિક વિજ્ઞાનના ભાગરૂપે શ્રવણમૂલક ધ્વનિવિજ્ઞાનના સંશોધનોએ જોર પકડ્યું. ભૌતિક વિજ્ઞાનની હેરત પમાડે એવી પ્રગતિનું ફળ એને ઉપકારક નીવડ્યું અને ઘણું મોડુ શરૂ થયું હોવા છતાં શ્રવણમૂલક ધ્વનિવિજ્ઞાન ટૂંકા ગાળામાં જ ઘણો વિકાસ સાધી શક્યું. એને લીધે ધ્વનિઓના વર્ગીકરણની આખી દૃષ્ટિમાં આમૂલ પરિવર્તન થયું; એટલું જ નહિ પણ ધ્વનિસ્વરૂપની સૈદ્ધાંતિક રૂપરેખા નવેસરથી રજૂ થઈ. જ્યારે જ્ઞાનતંતુની પ્રક્રિયાઓનો અભ્યાસ એ મનુષ્યના શરીર અંગેના અભ્યાસનું સૌથી ગૂઢ પાસું છે. મનુષ્યની બૌદ્ધિક પ્રવૃત્તિઓને સમઝવી હોય તો જ્ઞાનતંતુની પ્રક્રિયાઓ સમઝવી રહી. અને ભાષા એ બૌદ્ધિક પ્રવૃત્તિનો આવિષ્કાર છે. આથી ભાષાના અભ્યાસ માટે આ પ્રક્રિયાઓનો અભ્યાસ અનિવાર્ય જ કહેવાય. પરંતુ આપણે જોયું તેમ બોલવું–સાંભળવું–સમઝવું એમ એકી સાથે ચાલુ થતી સંકુલ પ્રક્રિયા

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

—'કમ્પ્લેકસ ફંકશનિંગ્'—તપાસવા શ્રાનતંતુવિજ્ઞાનીને ઘણી મર્યાદાઓ નડે છે. એટલે ભાષાપ્રવૃત્તિ ઉપર એ લોકો જોઈએ તેટલો પ્રકાશ પાડી શક્યા નથી, અને આ કારણે શ્રવણજ્ઞાનતંતુમૂલક અભ્યાસ પણ એટલો વિકસી શક્યો નથી.

આ જોતાં ઉચ્ચારણમૂલક ધ્વનિવિજ્ઞાનની પ્રગતિ સ્વાભાવિક લાગે. ઓગણીસમી સદીના અંતમાં પોલેન્ડના બાદુઇન કૌર્ત્ની (Courtnay) અને હેન્રી સ્વીટે (બન્નેએ એકબીજાથી સ્વતંત્ર રીતે) ભાષાના ધ્વનિઓનો ઊંડા અભ્યાસ કર્યો. આપણે આગળ જોયું કે હેન્રી સ્વીટે ભાષાના ધ્વનિઓને અનુરૂપ ચિહ્નો શોધવા માટેની પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે ચાલુ કરી હતી. એમણે કહ્યું કે જે ધ્વનિ અર્થભેદ નીપજાવવા સમર્થ હોય એ જ સૂચક ધ્વનિ કહેવાય. હેન્રી સ્વીટે પ્રથમવાર સૂચક ('સિગ્નિફિકન્ટ') વાગ્ધ્વનિઓ જેવી વિભાવનાને મહત્ત્વ આપ્યું. એમણે જોયું કે ધ્વનિઓ બે પ્રકારના હોય છેઃ એક, જે અર્થ-ફેર સાથે સમાંતર રહે તે અને બીજા, જેમને અર્થફેર સાથે કોઈ નિસ્બત ન હોય તે. આમ એમણે ધ્વનિઓનું ભાષામાં સ્થાન શું હોય એ દૃષ્ટિએ વિચાર કરી ધ્વનિનો ભાષાથી સ્વતંત્ર પણે અભ્યાસ કરવો—sound in isolation—તે પૂરતું નથી એમ કહ્યું. એ માનતા કે 'રૂપ' અને 'અર્થ' એ બેના દ્વંદ્વ ઉપર ભાષા ટકે છે. આથી 'અર્થ'ને લક્ષમાં રાખીને જ કોઈ પણ ભાષાના ધ્વનિ સમજી શકાય. જે ધ્વનિને લીધે અર્થ-ફેર થયો હોય એ જ ધ્વનિ સૂચક ધ્વનિ છે અને આવા ધ્વનિ રજૂ કરવા માટે સ્થૂળ લિપ્યંતર ('બ્રોડ ટ્રાન્સક્રિપ્શન') પૂરતું થઈ શકે. (અર્થાત્ ધ્વનિમાં થતા સૂક્ષ્મ ભેદો જો સૂચક ન હોય તો તે ભેદો માટે ચિહ્નો મૂકવાની જરૂર ન હોય; અને ત્યારે આવી સંકેતપદ્ધતિ વાપરવી). પરંતુ ધ્વનિના અ-સૂચક ભેદો દર્શાવવા પણ જરૂરી છે, કારણ સૂચક ધ્વનિ સ્થાપવા માટે અ-સૂચક ધ્વનિ જરૂરના છે. આવા ધ્વનિના નાનામાં નાના ફેરફારો રજૂ કરવા માટે સૂક્ષ્મ લિપ્યંતર ('નૅરો ટ્રાન્સક્રિપ્શન')ની પદ્ધતિ હેન્રી સ્વીટે સૂચવી (અર્થાત્ ધ્વનિમાં થતા દરેક પ્રકારના ભેદો સૂચવવા માટે ભેદક ચિહ્નો મૂકવાં.) આને કારણે ધ્વનિઓનો ભાષામાં વ્યવહાર કેવો હોય એ તપાસવાનો આગ્રહ જન્મ્યો.

એ જ અરસામાં બાદુઈન કૌર્ત્ની પણ આ જ રીતે વિચારતા હતા. એમણે પ્રથમ વાર ધ્વનિઘટકના એકમને રજૂ કર્યું. એમણે જોયું કે ભાષા બોલતી વખતે બોલનારના મનશ્ચક્ષુ આગળ દરેક ધ્વનિનું અમુક અદષ્ટ પ્રતિરૂપ ખડું

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

થતું હોય છે (જેને એમણે 'પિકચર્ડ સાઉન્ડ' કહ્યું). બોલનાર જ્યારે બોલે છે ત્યારે આ ધ્વનિઓ મૂર્ત રૂપ પામે છે (જેને એમણે 'ફિઝિકલ સાઉન્ડ' કહ્યું.) બોલનાર ધ્વનિનું જે રૂપ એના મનમાં સમજતો હોય તેને ધ્વનિઘટક કહેવાય. ધ્વનિના બે જાતનાં રૂપો રજૂ કરી કૉર્તનીએ 'સાયૂકો-ફોનેટિક્સ' અને 'ફિઝિઓ-ફોનેટિક્સ' જેવા અભ્યાસના બે દૃષ્ટિકોણો રજૂ કર્યા અને ધ્વનિઘટકની વિભાવનાને સ્પષ્ટ કરી. ધ્વનિઘટકના અમૂર્ત રૂપને અભ્યાસમાં સ્થાન મળતાં ભાષાની ધ્વનિવ્યવસ્થાના અભ્યાસને નવું વલણ મળ્યું.

પરિસ્થિતિ એ રીતે વિકસી કે ઇન્દ્રિયજન્ય અને શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા પર આધાર રાખતું ધ્વનિનું વર્ગીકરણ કર્યાથી કે નાનામાં નાના ધ્વનિભેદ રજૂ કરવા સમર્થ એવી સંકેતપદ્ધતિ શોધ્યેથી ધ્વનિવિજ્ઞાનીને સંતોષ થાય નહિ. ભાષામાં સમગ્ર રીતે ધ્વનિનું પ્રયોજન કેવી રીતે થયું છે તે જોયા વગર ભાષાની ધ્વનિવ્યવસ્થાનું વર્ણન થાય નહિ. ભાષામાં પ્રયોજાતી વખતે ધ્વનિ અમુક નિયમોનું પાલન કરતા હોય છે અને એ નિયમોને અધીન રહી હારબદ્ધ, ક્રમવાર, સાંકળની જેમ આવીને એક જાતનું 'કન્ટિન્યુઅમ' નિષ્પન્ન કરતા હોય છે. પાણીના પ્રવાહની જેમ કે વિદ્યુતના કિરણની જેમ વહેતા આ ધ્વનિના સંયોજનના ભાગ પાડવા એટલે એક જાતનો વિરોધાભાસ છે, કારણ જે અવિચ્છિન્ન વહેતું એકમ ('સાતત્ય') હોય તેના ભાગ કેવા ? પરંતુ જેમ સૈદ્ધાંતિક રીતે બધાં જ વિજ્ઞાનમાં 'સાતત્ય' અનેક નાના ભાગોનું બનેલું ગણવામાં આવે છે તેમ આપણે આપણી ગ્રહણશક્તિ દ્વારા સમજાતા આ 'સાતત્ય'ને જુદાજુદા ધ્વનિનું બનેલું ગણીએ છીએ. આપણી ઉચ્ચારણની ઇન્દ્રિયોના જુદાજુદા ભાગો દ્વારા ઉચ્ચારાતા જુદાજુદા ધ્વનિઓના ભેદ આપણી ગ્રહણશક્તિને લીધે શક્ય બને છે, છતાં સાથે ઉચ્ચારણની પ્રક્રિયા જ એવી છે કે જે સાતત્યનું જ નિર્માણ કરી શકે. આવા સાતત્યને વર્ણવવું એ અતિ મુશ્કેલ કામ છે. ધ્વનિવિજ્ઞાનીને સમજાયું છે કે આવા સાતત્યના જુદા જુદા ભાગો પાડી એ ભાગો માટે સંકેતો આપવાથી બોલાતી ભાષાની પ્રતિકૃતિ રજૂ થઈ શકે. દા. ત. અંગ્રેજીની '**won't you go**' જેવી ધ્વનિઓની હારની [**wount ju gou**] જેવા સંકેતોની બનેલી પ્રતિકૃતિ આપીએ તો તે ખોટી જ ગણાય. કારણ આ જાતની હારમાં આવતા **t** ધ્વનિનું પરિવર્તન થઇને **t**, થાય છે, જેમ કે **wount, ju gou** આમાં **t** પછી **j** આવતો હોવાથી અર્થાત્ બર્ત્સ્ય પછી તાલવ્ય ધ્વનિ આવતો હોવાથી બર્ત્સ્યમાંથી રૂપાંતર પામી તાલવ્ય

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ધ્વનિ બને છે. આવાં રૂપાંતરોને (મૂળ ઉચ્ચારણમાં ફેરફાર થઈને બીજું ઉચ્ચારણ થાય તેને) અને મૂળ ઉચ્ચારણ સાથે જ પછીના કે આગળના ધ્વનિને કારણે બીજા ઉચ્ચારણ માટે તૈયાર થવું તેને ભાષાવિજ્ઞાનીઓએ 'સહઉચ્ચારણ' ('કો–આર્ટિક્યુલેયશન')ની પ્રક્રિયા કહી. ભાષાઓ ભલે જુદીજુદી હોય પણ ઉચ્ચારણ માટેની ઇન્દ્રિયો તો બધા જ મનુષ્યોની સરખી હોય. આથી સહઉચ્ચારણની મુખ્ય પ્રક્રિયાઓ માટે થતાં ઇન્દ્રિયોનાં હલનચલન દરેક ભાષામાં એકસરખી રીતે જ થવાનાં. જીભ, હોઠ, જડબું વિ. સાતત્યમાં આવતા ધ્વનિનાં ઉચ્ચારણ વખતે, સેકંડ કરતાં ય ઓછા સમયમાં એક ધ્વનિના ઉચ્ચારણમાંથી બીજા ધ્વનિના ઉચ્ચારણ માટે તૈયાર થઈ જતાં હોય છે. એક ધ્વનિ પૂરો બોલાય ન બોલાય ત્યાં જ બીજા ધ્વનિની તૈયારીમાં લાગી પોતાની સ્થિતિ ('પોઝિશન') બદલતા હોય છે. આ જાતની બીજા ધ્વનિની અપેક્ષાને લીધે થતી ઉચ્ચારણનાં અંગોની સ્થિતિ બદલવાની પ્રક્રિયા તે સહઉચ્ચારણની પ્રક્રિયા. મહત્ત્વનાં સહઉચ્ચારણો આ પ્રમાણેનાં છે: Labialization, Dentalization, Retroflexion, Palatalization, Velarization, Pharyngealization, Laryngealization. આ દરેક માટે ભેદક ચિહ્નો નક્કી થયાં. અર્થાત્ કોઈ એક ભાષામાં [k] ધ્વનિને જુદાં જુદાં સહઉચ્ચારણ પ્રાપ્ત થતાં હોય તો તે દરેક સહઉચ્ચારણ દર્શાવવા માટે નિશાની મૂકી શકાય. દા. ત. ગુજરાતીમાં જ્યારે क् [k] બોલીએ ત્યારે આપણા હોઠનો ગોળ આકાર થતો નથી પણ જ્યારે कु [ku] બોલીએ ત્યારે क् + उ એમ હોવાથી પછીના उने કારણે क् બોલતાં જ હોઠને ગોળ કરી લેવા પડે. આને क्નું Labialization થયું કહેવાય. આને માટે ભેદક ચિહ્ન નક્કી થયું, જેમ કે [ku̫] આ રીતનું જે લિપ્યન્તર તે સૂક્ષ્મ લિપ્યન્તર.

દરેક ભાષાના ધ્વનિ જુદીજુદી રીતે સંયોજનમાં આવતા હોવાથી બધી ભાષામાં આ બધાં જ સહઉચ્ચારણો શક્ય નથી હોતાં. ભાષાના ધ્વનિસ્વરૂપને સમજવું હોય તો ક્રમબદ્ધ હારમાળામાં પ્રયોજાતા ધ્વનિઓને જે સહઉચ્ચારણ પ્રાપ્ત થાય તે સમજવું જ પડે. ધ્વનિના મૂળ રૂપમાં ક્યારે અને કેવા ફેરફાર થાય તે નોંધવું પડે. માત્ર એક એક ધ્વનિનો સ્વતંત્ર અભ્યાસ, જેવો ઉચ્ચારણમૂલક ધ્વનિવિજ્ઞાનના સ્તર ઉપર કર્યો તેવો, ધ્વનિસ્વરૂપના અભ્યાસના સ્તર ઉપર ચાલે નહિ. ભાષાનું ધ્વનિસ્વરૂપ તપાસવા માટે છૂટાછવાયા શબ્દોની સામગ્રી લઈએ તો તે ચાલે નહિ. ધ્વનિનો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભાષામાં વ્યવહાર કેવો છે તે સંપૂર્ણપણે સ્પષ્ટ કરવા માટે શબ્દોથી માંડી વાકયો સુધીની સામગ્રી તપાસવી પડે. અને તો જ ધ્વનિઘટકો નક્કી થઈ શકે. ઉચ્ચારણમૂલક ધ્વનિવિજ્ઞાનથી માંડીને ધ્વનિસ્વરૂપના અભ્યાસ સુધી પહોંચવું એટલે સહઉચ્ચારણના અભ્યાસ પછી પ્રાપ્ત થયેલા અનેક પ્રકારના સૂક્ષ્મ ભેદોને રજૂ કરતા 'ધ્વન્યાત્મક ખંડો' ('ફોનેટિક સેગ્મન્ટ')-માંથી એક વ્યવસ્થા–સ્વરૂપ શોધવાનું કામ. આ કામ તો જ શકય બને જો આપણી પાસે એક ક્રમબદ્ધ વિધિગત નિરૂપણપદ્ધતિ ('પ્રોસીજરલ મેથડોલજી') હોય. આ પદ્ધતિ આપણા સિદ્ધાંતોનું સમર્થન કરતી હોવી જોઈએ. આવી નિરૂપણપદ્ધતિને 'ફોનિમિક્સ' કહીએ. ઉચ્ચારણમૂલક ધ્વનિવિજ્ઞાન અને ધ્વનિસ્વરૂપ વચ્ચે જોડાણ કરવાનું કામ આ નિરૂપણપદ્ધતિ વડે શકય બને. જુઓ :

'ફોનેટિક્સ'
↓
'ફોનિમિક્સ'
↓
'ફોનોલજી'

નિરૂપણપદ્ધતિમાં એક પછી એક પગલાના ક્રમવાર વિધિનિયમો આપેલા હોય. આ પદ્ધતિ એવી હોવી જોઈએ કે ભાષામાં રહેલી ધ્વનિવ્યવસ્થાને તે છતી કરે.*

આપણે જોયું કે સહઉચ્ચારણની પ્રક્રિયા વખતે દરેક ધ્વનિમાં પરિવર્તન થાય છે, જો કે ભાષા બોલનાર વ્યક્તિ સહઉચ્ચારણને લીધે થતા મૂળ ધ્વનિના રૂપફેર અંગે સજાગ હોતી નથી. એના મગજમાં એક [k] ધ્વનિ અંગેની કલ્પના હોય છે જે એક[k]ને જ ઓળખે છે, ઉપલબ્ધ કરે છે. **k**નાં બીજાં બધાં રૂપો (એ પોતે જ એનું ઉચ્ચારણ કરતો હોવા છતાં) એને માટે મહત્ત્વના નથી ધ્વનિનાં આવાં અ-સૂચક – nonsignificant રૂપો ખરી રીતે તો વ્યક્તિના મગજમાં રહેલાં સૂચક રૂપોનું પ્રત્યક્ષીકરણ જ હોય છે. જે સૂચક ધ્વનિ હોય, જે બોલનાર સમજતો હોય તે ધ્વનિઘટક,

* આમ તો બ્લુમફિલ્ડીય 'ફોનોલજી'ના સંદર્ભમાં જ 'ફોનિમિક્સ'ની વિગતે વાત કરીશું. પરંતુ ધ્વનિઘટકને સ્થાપિત કરતા અભ્યાસના એક તબક્કા તરીકે એનો અહીં નિર્દેશ કર્યો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

'ફોનિમ', અને જે એના સહઉચ્ચારણને કારણે કે સંદર્ભને કારણે થતા રૂપફેરો તે બધા 'ઍલફોન'

ધ્વનિવિજ્ઞાનથી ધ્વનિસ્વરૂપ સુધી પહોંચવાના પ્રયત્નોની શરૂઆત તો છેક સ્વીટ, કૉર્ત્નીં વિગેરેથી થઈ. એ અભ્યાસના વિકાસમાં ત્યાર પછી સોશ્યૂરનું એક ચોક્કસ સ્થાન છે. સોશ્યૂરના વિચારોનું પ્રભુત્વ આમ તો સમગ્ર યુરોપના ભાષાવિજ્ઞાન ઉપર રહ્યું છે. પરંતુ ખાસ તો પ્રાગસ્કૂલના ભાષાવિજ્ઞાનીઓએ સોશ્યૂર અને કૉર્ત્નીંના પ્રભાવ નીચે આવી ધ્વનિસ્વરૂપના અભ્યાસને સંગીન સૈદ્ધાંતિક રૂપ આપ્યું.

'ધ્વનિઘટક' એ વિભાવનાનો વિકાસ કઈ રીતે થયો તે બતાવવાનો અને ભાષાનું ધ્વનિસ્વરૂપ નક્કી કરવા માટેના ઉદ્ભવેલા જુદાજુદા સૈદ્ધાંતિક દૃષ્ટિકોણો રજૂ કરવાનો અહીં ટૂંકમાં છતાં બને તેટલા મહત્ત્વના મુદ્દા આવરી લઈને પ્રયત્ન કર્યો છે. સોશ્યૂરથી શરૂ થઈ યાકોબ્સન સુધી પહોંચતી અભ્યાસની પ્રણાલી અમેરિકન બ્લુમફિલ્ડીય સિદ્ધાંતો અને નિરૂપણપદ્ધતિ કરતાં સર્વથા જુદી છે. યાકોબ્સનને, પ્રાગસંપ્રદાયની વિચારસરણીને 'જેનરેટિવ ફોનોલજી' સાથે જોડનાર કડી તરીકે ગણવાં રહ્યાં. પણ સાધારણપણે મહત્ત્વના એવા ત્રણ જુદાજુદા દૃષ્ટિકોણ તપાસવા આવશ્યક છે :

૧. અમેરિકામાં બ્લૂમફિલ્ડથી શરૂ થઈ હેરિસ સુધી પહોંચતી વિચારસરણી (જેને આપણે બ્લુમફિલ્ડીય 'ફોનોલજી' તરીકે ઓળખાશું).

૨. પ્રાગસંપ્રદાયને નામે ઓળખાતી વિચારસરણી (જેમાં સોશ્યૂર અને પ્રાગસંપ્રદાયના બંધારણલક્ષી વિચારો જોઈશું).

૩. યાકોબ્સોનીય 'જેનરેટિવ ફોનોલજી'.

■

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

-આં પ્રત્યયવાળાં ક્રિયાવિશેષણીય વર્તમાન કૃદંત આદિ

હરિવલ્લભ ભાયાણી

૧. **-આં** પ્રત્યયવાળું વર્તમાન કૃદંતનું રૂપ વાક્યમાં અનુબદ્ધ ક્રિયાવિશેષણ ('એડ્જંક્ટ') તરીકે વપરાય છે, અને મુખ્યત્વે તે કાળવાચક કે કારણવાચક ક્રિયાવિશેષણ તરીકે કામ કરે છે. તેની કેટલીક બીજી અર્થ-છાયાઓ પણ છે. તે એકવડું કે આવર્તિત કરીને વપરાય છે. આવર્તનવાળા પ્રયોગો ક્રિયાના સાતત્ય કે વારંવારતાનો વિશેષ અર્થ વ્યક્ત કરે છે. આને જ મળતા અર્થમાં **-આં** પ્રત્યય વર્તમાન કૃદંત ન હોય તેવાં થોડાંક રૂપોને પણ લાગે છે.

[૧]

૨. કેટલાક પ્રયોગોમાં **-આં** પ્રત્યય 'જ્યારે, જે વેળા...ત્યારે, તે વેળા' એવો અર્થ ધરાવે છે. અર્થાત્ બીજી ક્રિયા **ક્યારે** થાય છે તે પહેલી ક્રિયાના વર્તમાન કૃદંતનું **-આં** પ્રત્યયવાળું રૂપ દર્શાવે છે. જેમ કે

તેને બોલતાં શ્વાસ ચડે છે.

(= જ્યારે તે બોલે છે ત્યારે તેને શ્વાસ ચડે છે, અથવા બોલતી વેળા તેને શ્વાસ ચડે છે).

તેને ચોરતાં હું જોઈ ગયો.

(= જ્યારે તે ચોરતો હતો ત્યારે હું તેને જોઈ ગયો.)

બીજાં ઉદાહરણો :

મારા દેખતાં રમેશે રમાને ધમકાવી.
પાંચ વાગતાં તે આવી પહોંચશે.
રાત પડતાં તે જવા ઉતાવળો થયો.
શિયાળો બેસતાં તેનો ઉત્સાહ મંદ પડી ગયો.
પાકતાં બદામનો રંગ લાલ થઈ જશે.
બોલતાં તને કાંટા વાગે છે?
બોલતાં એની જીભ ખેંચાય છે.
આ ગાદલું સૂતાં ખૂંચે છે.
ઊઠતાં ને બેસતાં, હાલતાં ને ચાલતાં બસ એને એક જ વાત.
તેને એવું બોલતાં રમા સાંભળી ગઈ.
તેની સાથે વાત કરતાં મને રમેશના શબ્દો યાદ આવ્યા.
તું જતાં મારે ત્યાં ડોકિયું કરતો જજે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૩. ઉપરના અર્થનો જ એક પ્રકાર — 'જ્યારે, જે વેળા...તે જ ક્ષણે', 'જેવું...તેવું (જ)/કે તરત (જ)' — **તાં** વાળું રૂપ કેટલાક પ્રયોગોમાં વ્યક્ત કરે છે. તે રૂપની પછી **જ** કે **વેંત** મૂકીને આ અર્થ પ્રકટપણે પણ દર્શાવાય છે.

રમા જોતાં (જ) ગમી જાય તેવી છે.
સહેજ અડકતાં તે દડી પડયું.
ગાડી આવતાં દોડાદોડ થઈ રહી.
બોલાવતાં (જ) તે દોડી ગયો.

નોંધ :—**જોતા વેંત, જોતા(ની) સાથે (જ), જોતા ભેળું, (જેવું) જોયું તેવું (જ)/કે તરત (જ)** એ પ્રકારની રચનાઓ આ રચનાની સમાનાર્થ છે.

૪. કેટલાક પ્રયોગોમાં **–તાં** વાળા રૂપનો અર્થ 'અમુક ક્રિયા ચાલતી હોય ત્યારે કે તે દરમિયાન' એવો થાય છે. અહીં ભાર બીજી ક્રિયા ક્યારે બને છે તે પર નહીં, પણ તે બને છે તે વેળા પહેલી ક્રિયા ચાલુ હોવાની ઉપર છે, જેમ કે

જમતાં પાણી પીવું સારું નહિ.

અહીં જમવાની ક્રિયા ચાલતી હોય તો દરમિયાન પાણી નહીં. પીવાની વાત છે.

રમેશ ચાલતાં લપસી પડ્યો.

તે બોલતાં (લખતાં, વાંચતાં, ખાતાં, રમતાં, દોડતાં, ગાતાં વગેરે) થાકી ગયો.

અહીં **બોલતાં** એટલે 'બોલવાની ક્રિયા ચાલતી હતી તે દરમિયાન' બીજાં ઉદાહરણો :

હું ગણતાં/માગતાં ભૂલ્યો.
તે ચાલતાં કંટાળ્યો.
લખતાં શાહી ખૂટી ગઈ.
વણતાં ભાંગે નહીં તે જોજે.
એને દવા પીતાં ઊબકા આવે છે.
વાત કરતાં તેની આંખો ભીની થઈ ગઈ.
રમેશ ખરચતાં પાછું વાળીને જોતો જ નથી.

આ પ્રકારની રચનાઓમાં પહેલી ક્રિયા પ્રથમ શરૂ થઈ હોય અને તે ચાલતી હોય તે દરમિયાન બીજી ક્રિયા બને એવો અર્થ સમાવિષ્ટ છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

આ પ્રકારની રચનાઓનું-આંવાળા રૂપના આવર્તનથી વિસ્તરણ થઈ શકે છે (જેમ કે 'રમેશ ચાલતાં ચાલતાં લપસી પડયો') અને તેથી પહેલી ક્રિયાના અર્થમાં સાતત્યનો અર્થ ઉમેરાય છે.

૫. 'તે પડતાં (લપસતાં, ડૂબતાં, મરતાં, નપાસ થતાં વગેરે) બચી ગયો / ઊગરી ગયો' એવા પ્રયોગોમાં **પડતાં, ડૂબતાં** વગેરેનો અર્થ 'પડી રહ્યો હતો ત્યાં, પડવા લાગ્યો હતો ત્યાં', 'ડૂબી રહ્યો હતો તેમાંથી' વગેરે થાય છે. ચાલતી ક્રિયા પૂરી ન થવાનો અને અનિષ્ટ ક્રિયાફળ કર્તાને મળતું રહી જવાનો અહીં અર્થ છે. ક્રિયાનું સાતત્ય દર્શાવવા પહેલું ક્રિયારૂપ દ્વિરુક્ત થાય છે. ('તે પડતાં પડતાં બચી ગયો.') -**આં** પ્રત્યય વિનાની વર્તમાન કૃદંતવાળી રચના આ રચનાની સમાનાર્થ છે. 'તે પડતો બચી ગયો.'

નોંધ: 'તે પડવાથી બચી ગયો', 'તે ડૂબવામાંથી ઊગરી ગયો.' 'તે પડત, પણ બચી ગયો', 'તે પડવાનો હતો. પણ બચી ગયો', એ પ્રકારની રચનાઓ અને ઉપર્યુક્ત રચના વચ્ચે અર્થભેદ એ છે કે પહેલા પ્રકારની રચનાઓમાં પહેલી ક્રિયા થવાની સંભાવના હોવા છતાં તે નથી થતી, જ્યારે બીજા પ્રકારની રચનામાં પહેલી ક્રિયા ચાલ્યા પછી અધૂરી રહી જાય છે.

૬. 'રમેશ બોલતાં ગભરાય (શરમાય, અચકાય, મૂંઝાય, અટકે) છે. એ પ્રકારના, જેમાં **ગભરાવું, શરમાવું, અચકાવું, મૂંઝાવું, અટકવું** વગેરે બીજા ક્રિયાપદ તરીકે હોય તેવા પ્રયોગો દ્વિઅર્થી છે: (૧) બોલવાની (એટલે કે પહેલી) ક્રિયા ચાલતી હોય ત્યારે ગભરામણ વગેરે થવી કે તે દરમિયાન અટકવું, અથવા તો (૨) બોલવા જતાં ગભરાવું કે અટકવું, એટલે કે ગભરાટ વગેરેનો ભાવ અનુભવાતો હોવાથી ન બોલવું.

આવડવું, ફાવવુંની સાથે વપરાતું -**તાં** વાળું રૂપ કેવળ ક્રિયાનું વાચક છે.

તેને લખતાં આવડયું (ફાવ્યું).

અહીં **લખતાં** એટલે 'લખવાનું', 'લખવાની ક્રિયા'.

નોંધ: એક સંભવ એ છે કે 'તેને લખતાં આવડયું' એ રચના 'તેને લખતાં લખવાનું આવડયું' (એટલે કે 'લખતાં લખતાં તેને લખવાનું આવડયું') એવી રચના ઉપરથી થઈ હોય.

૭. નીચેના જેવા પ્રયોગોમાં -**આં** કારણવાચી છે. પહેલી ક્રિયા બીજીનું કારણ હોય છે, અને બીજી પહેલીનું પરિણામ હોય છે. પહેલા ક્રિયાપદના

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સામાન્ય કૃદંત સાથે -થી, -ને લીધે, -ને કારણે કે -ને પરિણામે વાપરીને પણ આવો જ અર્થ દર્શાવી શકાય છે, જેમ કે

રમેશ જતાં અમને મોટી ખોટ પડી.
(= રમેશના જવાથી / જવાને લીધે / કારણે / પરિણામે
અમને મોટી ખોટ પડી.)

બીજાં ઉદાહરણો :

રમેશ આવતાં રમા ઘણી રાજી થઈ.
રમેશનું અવસાન થતાં ઘર સૂનું થઈ ગયુ.
ફરી વાંચતાં મને સમજાયું.
વરસાદ પડતાં ગરમી કાંઈક ઓછી થઈ.
ભણતાં પંડિત નીપજે, લખતાં લહિયો થાય.

છેલ્લા કહેવતરૂપ રૂઢ ઉદાહરણમાં અપેક્ષિત દ્વિરુક્ત પ્રયોગ ('ભણતાં ભણતાં' 'લખતાં લખતાં')ને બદલે એકવડો પ્રયોગ છે.

એક રીતે તો આ અર્થ કાળવાચક અર્થનું જ ફલિત છે. '(જ્યારે...) ત્યારે' પણ આવો અર્થ ધરાવે છે. જેમ કે

રમેશ ગયો ત્યારે અમને મોટી ખોટ પડી.
ફરી વાંચ્યું ત્યારે મને સમજાયું.
રમેશ આવ્યો ત્યારે રમા ઘણી રાજી થઈ.

૮. નીચેના જેવા પ્રયોગોમાં મુખ્ય ક્રિયાપદની પૂર્વે તે જ ક્રિયાપદનું -તાંવાળું રૂપ વપરાયું હોય છે. અહીં -તાંવાળું રૂપ ક્રિયા ચાલતી હોવાનો અર્થ વ્યક્ત કરવા ઉપરાંત તે ક્રિયા પૂરેપૂરી થશે કે કેમ એવી પૂર્વવર્તી શંકાનું પણ સૂચન કરે છે.

મળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત.
લેતાં લેવાઈ ગયું / લઈ લીધું.
ખાતાં ખવાઈ ગયું.
કહેતાં કહેવાઈ ગયું.
કહેતાં તો કહી દીધું, પણ પછી શું ?
મકાન થતાં થઈ ગયું.

[૨]

૯. -તાં પ્રત્યયવાળું વર્તમાન કૃદંતનું અનુબદ્ધ ક્રિયાવિશેષણ તરીકે વપરાતું દ્વિરુક્ત રૂપ, એકવડા રૂપની સરખામણીમાં જોતાં, ક્રિયા સતત ચાલતી હોવાનો કે તે વારંવાર થતી રહેવાનો અધિક અર્થ વ્યક્ત કરે છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

તે ચાલતાં ચાલતાં થાકી ગયો.
રમેશ દોડતાં દોડતાં પડી ગયો.
વાત કહેતાં કહેતાં રમા રડી પડી.
હસતાં હસતાં તે કહેવા લાગ્યો.
રમતાં રમતાં રાત પડી.
વાતો કરતાં કરતાં સવાર પડી ગઈ.
જતાં જતાં તે મને સો રૂપિયા આપતો ગયો છે.
એને સમજાવતાં સમજાવતાં હું તો ગળે આવી ગયો.
જતાં જતાં જરા તો થોભ.
ફરતાં ફરતાં એક નગર આવ્યું.
વાંચતાં વાંચતાં તે ઊંઘી ગયો.
ઊઠતાં ઊઠતાં તેણે ઇશારો કર્યો.
ખાતાં ખાતાં બોલબોલ કરવું ઠીક નહીં.

૧૦. નીચેના જેવા પ્રયોગોમાં –તાંવાળું દ્વિરુક્ત રૂપ કારણવાચક કે રીતિવાચક પણ છે.

ઉકાળતાં ઉકાળતાં જ્યારે પાશેર પાણી રહે...
ઘસતાં ઘસતાં હાથ દૂખી ગયા.
ખાતાં ખાતાં તો રાજાના ભંડાર પણ ખૂટે.
વાંચતાં વાંચતાં સમજાશે.
લખતાં લખતાં જ અક્ષર સુધરે.
ગબડતાં ગબડતાં તે ઓરડીની કોર સુધી પહોંચ્યો.
ખોદતાં ખોદતાં તે પાંચ ફૂટ ઊંડો ગયો.

૧૧. નીચેના જેવા પ્રયોગોમાં –તાંવાળું દ્વિરુક્ત રૂપ ‘સતત ચાલતી ક્રિયા દરમિયાન’ એવો અર્થ ધરાવે છે. તેની સાથે, અમુક સ્થિતિ કે અવસ્થા થયા સુધી, અથવા તો અમુક અવધિ સુધી તે ક્રિયા સતત ચાલતી હોવાનો અર્થ પણ તે સૂચવે છે.

લખતાં લખતાં મને ધોળા આવ્યા.
પ્રોફેસરી કરતાં કરતા તેને પચીસ વરસ તો થયાં.
સેવગાંઠિયા વેચતાં વેચતાં તે બૂઢો થઈ ગયો.

આમાં ‘ધોળા આવ્યા ત્યાં સુધી લખવાનું સતત ચાલ્યું છે’, ‘પચીસ વરસ સુધી પ્રોફેસરી સતત કરી છે’, ‘બૂઢો થઈ ગયો ત્યાં સુધી સેવગાંઠિયા સતત વેચેતો રહ્યો છે’ એવા અર્થ અનુસ્યૂત છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

૧૨. શારીરિક અવસ્થાના વાચક કેટલાક શબ્દોને **–આં** લાગીને થતા રૂપનો દ્વિરુક્ત પ્રયોગ તે અવસ્થા ચાલુ રાખીને ક્રિયા કર્યાનો અર્થ વ્યક્ત કરે છે, જેમ કે

તેણે બેઠાં બેઠાં / સૂતાં સૂતાં / પડ્યાં પડ્યાં / ઊભાં ઊભાં વાત કરી.
રમેશે મૂંગાં મૂંગાં બધું સહ્યું.

અહીં 'બેઠેલા રહીને', 'બેઠા હોવાની સ્થિતિ ચાલુ રાખીને' વગેરે અર્થ છે.

'તે બેસતાં બેસતાં બોલ્યો' એમાં તેની બેસવાની ક્રિયા ચાલતી હતી – તે બેસતો હતો – તે દરમિયાન તે બોલ્યો એમ ઉપરનાથી ભિન્ન અર્થ છે.

–આં પ્રત્યય પૂરતી જ ઉપર્યુક્ત રૂપો સાથે આ રૂપોની સમાનતા છે. બાકી તો આમાં જેને **આં** લાગ્યો છે તેમાંથી પહેલાં ત્રણ ભૂતકૃદંત છે અને છેલ્લાં બે વિશેષણ છે.

નોંધ : જેમાં બંને ક્રિયાનો કર્તા તેનો તે હોય તેવી **–તાં**વાળી કેટલીક રચનાઓમાં ક્રિયાવિશેષણ કે વિશેષણ તરીકે વપરાતું વર્તમાન કૃદંત કથાય અર્થફેર વિના **–તાં**વાળા રૂપનું સ્થાન લઈ શકે છે.

મેં રમેશને પડતો જોયો / બચાવ્યો.
રમેશ ચાલતો ચાલતો લપસી પડ્યો.
તે પડતો / ડૂબતો / લપસતો / મરતો બચી ગયો.
તે વાત કરતો અટકી ગયો.
તે હસતો હસતો કહેવા લાગ્યો.
ગબડતો ગબડતો તે ઓશરીની કોર સુધી પહોંચ્યો.
વાત કહેતી કહેતી રમા રડી પડી.
હું જતી જતી પાછી ફરી.
તે વાંચતો વાંચતો ઊંઘી ગયો.
અંધારામાં પડતો આખડતો રમેશ ઘરે પહોંચ્યો.

૧૩. હિન્દીના દ્વિરુક્ત વર્તમાન કૃદંતના **એ** પ્રત્યયવાળા આ રીતના ક્રિયાવિશેષણાત્મક પ્રયોગની ચર્ચા કરતાં અન્વિતા અબ્બીએ ક્રિયાના સહપ્રવર્તન ('સિમલ્ટનીઇટી')ને મુખ્યાર્થ ગણ્યો છે.* પણ **वो चलते**

* Anvita Abbi : 'Reduplicated adverbs in Hindi' Indian Linguistics, 38/3, Sept. 1977, 125–135.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

चलते गिर पड़े જેવા પ્રયોગોમાં બે ક્રિયાના સહપ્રવર્તન કરતાં, પ્રથમ શરૂ થયેલી એક ક્રિયાના પ્રવર્તન દરમિયાન પછીથી બીજી ક્રિયા બનવાનો ભાવ પ્રધાન છે. તેમણે કારણવાચક પ્રકારને અને અમુક અવધિ સુધી ક્રિયા ચાલ્યા કરવાનો અર્થ દર્શાવતા પ્રકારને (અહીં ૧૦ અને ૧૧ નીચે ચર્ચેલા પ્રકારને) એક જ ગણ્યા છે. વળી આમાંના પાછલા પ્રકારમાં બીજા ક્રિયાપદ તરીકે સાધિત વ્યાપારવાચક ક્રિયાપદો (derived process verbs) જ આવી શકે એવું તેમનું તારણ થોડોક ફેરફાર માગે છે–ગુજરાતી પૂરતું તો ખરું જ.

પાન વેચતાં વેચતાં તો તેની આખી જિંદગી વીતી.

વંચાતાં વંચાતાં ચોપડી ફાટી ગઈ.

એવા પ્રયોગો ઉપરથી તે જોઈ શકાશે.

દ્વિરુક્તિવાળી રચનાઓ એકવડા રૂપવાળી રચના પરથી સાધી શકાતી હોવાના મતનો તેમણે વિરોધ કર્યો છે. પરંતુ અહીં ચોથા મુદ્દા નીચે જે પ્રકાર આપ્યો છે તે (તથા કેટલાક અન્ય પ્રયોગો પણ) સ્પષ્ટપણે દ્વિરુક્ત પ્રકારની સાથે સંકળાયેલા છે–પહેલા પ્રકારના વિસ્તરણ તરીકે અને સાતત્યના ભાવની પ્રકટ અભિવ્યક્તિ તરીકે બીજા પ્રકારને ઘટાવી શકાય છે.

છેવટે **खाते खाते मत बोलो** અને **खाते हुए मत बोलो** એ બેની વચ્ચે તેમણે દર્શાવ્યો છે તેવો અર્થભેદ તેવી જ ગુજરાતી રચનાઓ માટે અનિવાર્ય નથી.

જમતાં બહુ બોલવું નહીં.

જમતાં જમતાં બહુ બોલવું નહીં.

એ બેમાં બીજા વાક્યમાં પહેલી ક્રિયાનું સાતત્ય પ્રકટપણે દર્શાવાયું છે એટલો જ વિશેષ છે. જો કે

વાત સાંભળીને રમા રડી પડી.

વાત સાંભળતાં રમા રડી પડી.

એમને સરખાવતાં પહેલા વાક્યમાં 'સાંભળ્યા પછી' અને બીજા વાક્યમાં (૧) 'સાંભળીને તરત' અથવા (૨) 'સાંભળવાની ક્રિયા દરમિયાન', 'સાંભળતાં સાંભળતાં' એવા અર્થ જોઈ શકાય છે; અને તો બીજા વાક્યના પ્રકારની રચનાઓ તેમના પહેલા અર્થ પૂરતી દ્વિરુક્તિવાળી રચનાઓથી ભિન્ન ગણી શકાય.

■

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અવલોકન

'**ઍન ઇન્ટ્રડકશન ટૂ પાણિનિ**' : ખંડ પહેલો, કર્તા, પ્રો. પી. બી. જુન્નરકર, પ્રકાશક : શાન્તિ એસ. દીયે, વડોદરા, ૧૯૭૭. રૂા. ૩૦–૦૦

ભારતીય શાસ્ત્રીય વાઙ્મયમાં વ્યાકરણશાસ્ત્રનું સ્થાન અત્યંત મહત્ત્વનું છે. વેદમંત્રો અને યજ્ઞકાર્યમાં તેમના વિનિયોગનાં અનેક ચર્ચાક્ષેત્રો ૭ વેદાંગોરૂપે વિકાસ પામ્યાં. તેમાં વ્યાકરણવેદાંગ સૌથી મહત્ત્વનુ વેદાંગ મનાયું છે. ઇસુની પૂર્વે આઠમી સદીથી વ્યાકરણ અંગે અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ અને વિકાસ પામી. ઇસુની પૂર્વે સાતમી સદીની આસપાસ થયેલા મનાતા પાણિનિના 'અષ્ટાધ્યાયી' નામે ગ્રંથમાં વ્યાકરણશાસ્ત્રનો ઉત્તમ વિકાસ જોવા મળે છે. પોતાના સમયમાં બોલાતી ભાષાનાં શબ્દરૂપો અંગે સુબદ્ધ, સૂક્ષ્મ અને વિસ્તૃત રીતે સૂત્રશૈલીમાં તેમણે ચર્ચા કરી છે. આ મેધાવી વૈયાકરણના સિદ્ધાન્તોની અનુપૂર્તિ, અન્વાખ્યાન અને સ્પષ્ટતા કરનારાં વાર્તિકો, ભાષ્ય, ટીકા, વૃત્તિઓ અને પરિષ્કારગ્રંથોનો એક વિપુલ સમૂહ રચાયો અને ઇસુની સત્તરમી સદી સુધી વૃદ્ધિ પામતો રહ્યો. અંગ્રેજ રાજકર્તાઓના સંપર્કને કારણે ભારતીયોને પોતાના વાઙ્મય તરફની માનવૃત્તિ વધી. અનેક શાસ્ત્રીય અને દાર્શનિક ગ્રંથોનો અભ્યાસ કરવાની સહજ જિજ્ઞાસાને કારણે સંસ્કૃત ભાષાનો આદરપૂર્વક અભ્યાસ થવા લાગ્યો. શાળા અને કૉલેજોમાં પણ સંસ્કૃતનો અભ્યાસ ધીમેધીમે શરૂ થયો. પાણિનીય વ્યાકરણશાસ્ત્રના મુખ્ય ગ્રંથોનો અભ્યાસ ઘણો શ્રમ અને સમય માગી લે તેમ હોવાથી પાશ્ચાત્ય વિદ્વાનોમાંના મેક્સમ્યુલર, વિલ્સન, મૅક્ડોનેલ અને કીલહૉર્ન જેવા વિદ્વાનોએ લૅટિન અને ગ્રીક વ્યાકરણોની અસરવાળા કેટલાક સુંદર અને અનુકરણીય વ્યાકરણગ્રંથો રચ્યા. ભાંડારકરે આવી પદ્ધતિનો આદર કર્યો નહિ. પાણિનીય ગ્રંથોના નિચોડરૂપે શાળાના વિદ્યાર્થીઓ માટે તેમણે વ્યાકરણનાં બે પુસ્તકો રચ્યાં. તેમાં પ્રાચીન પદ્ધતિની અસરની સાથે પ્રયોગાભિમુખ વ્યવસ્થાનો પણ સમન્વય તેમણે કર્યો. વીસમી સદીના પૂર્વાર્ધ સુધી આ પ્રકારના વ્યાકરણગ્રંથોનો વપરાશ ચાલુ રહ્યો. તેમ છતાં પાણિનીય વ્યાકરણની સૂત્રવ્યવસ્થાથી તો વિદ્યાર્થી અપરિચિત જ રહ્યો. મોરેશ્વર રામચંદ્ર કાળેએ 'હાયર સંસ્કૃત ગ્રૅમર'માં વ્યાકરણ-નિયમોના વ્યાખ્યાનની સાથે સાથે તેના સંદર્ભમાં પ્રાપ્ત પાણિનિસૂત્રો પણ ફૂટનોટમાં આપવાનું શરૂ કર્યું. તેને પરિણામે સંસ્કૃત વ્યાકરણના અભ્યાસીનો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પાણિનિ સાથેનો સંબંધ કેટલેક અંશે ચાલુ થયો. બ્રહ્મદત્ત જિજ્ઞાસુ અને યુધિષ્ઠિર મીમાંસકે પાણિનિસૂત્રોને આધારે વ્યાકરણની વિષયવ્યવસ્થા હિન્દી ભાષાના માધ્યમથી પ્રચલિત કરી. સ્વ. પી. બી. જુન્નરકરનું 'ઍન ઇન્ટ્રડકશન ટૂ પાણિનિ' આવી પરંપરામાં મહત્ત્વના ઉમેરારૂપે છે.

જુન્નરકર વિદ્યાવ્યાસંગી કુળમાં જન્મ્યા હતા. વિદ્યાગ્રહણકાળમાં તેમણે ગણિતશાસ્ત્ર અને કાયદાશાસ્ત્રનો અભ્યાસ કર્યો હતો અને ઢાકા વિશ્વવિદ્યાલયમાંથી ઈ. સ. ૧૯૪૮ માં વ્યાપારશાસ્ત્રના અધ્યાપક તરીકે નિવૃત્ત થયા તે પહેલાં થોડા સમયથી પાણિનીય વ્યાકરણ તરફ તેમનું ધ્યાન ખેંચાયું હતું. અભ્યાસક્ષેત્ર અને નિર્વાહપ્રવૃત્તિથી ભિન્ન પ્રકારના આવા એકાગ્ર વિદ્યાવ્યાસંગનાં ઉદાહરણોમાં 'સિદ્ધાન્તકૌમુદી' અને 'અષ્ટાધ્યાયી'ના અંગ્રેજી અનુવાદના લેખક નિવૃત્ત હાઇકોર્ટ ન્યાયાધીશ બસુ, 'પરિભાષેન્દુ-શેખર' અને 'પ્રૌઢમનોરમા'ના મરાઠી અનુવાદક નિવૃત્ત ન્યાયાધીશ વાડેગાંવકર, સિત્તેર વર્ષની વયે સંસ્કૃતનો અભ્યાસ શરૂ કરી 'ગણરત્ન-મહોદધિ' ઉપરની ટીકાનું સંપાદન કરી ડૉક્ટરેટ પ્રાપ્ત કરનાર નિવૃત્ત એંજિનીઅર જોગળેકર અને વેદપ્રસિદ્ધ 'સોમ' ઉપર મહત્ત્વનું સંશોધન કરનાર નિવૃત્ત અમેરિકન એંજિનીઅર જાણીતા છે.

સ્વ. જુન્નરકરે તેમનું પુસ્તક ચાર ગ્રંથોમાં વિભક્ત કર્યું છે. પ્રસિદ્ધ થયેલા આ પહેલા પુસ્તકમાં વીસ નાનાં પ્રકરણોમાં તેમણે વર્ણમાળા, પ્રત્યાહાર, ગુણ, વૃદ્ધિ, **तिङ्** પ્રત્યયો, **भ्वादि दिवादि** અને **तुदादि** ગણના વર્તમાનકાળ, અકારાન્ત પ્રાતિપદિક, ણત્વ અને કારક સમજાવ્યાં છે. પરિશિષ્ટ વિભાગમાં **इत्**-વર્ણો, સવર્ણ, આગમ, સંયોગ અને ચાર પરિભાષાઓ સમજાવ્યાં છે. અંગ્રેજી અનુવાદ સાથે ધાતુપાઠ બે પ્રકારે અને તેવી જ રીતે શબ્દસૂચિ તથા ઉપયોગમાં લીધેલ પાણિનીય સૂત્રોની સૂચિ રજૂ કર્યાં છે. પુસ્તકની શરૂઆતમાં પ્રસ્તાવનારૂપે લેખકનાં કેટલાંક મંતવ્યો રજૂ થયાં છે. બીજા ત્રણ ગ્રંથોની સામગ્રીનો સંક્ષેપ તેમણે પુસ્તકને અંતે આપ્યો છે. પ્રકરણ ૨ અને પ્રકરણ ૫ થી ૨૧ સુધીનાં પ્રકરણોમાં દરેક પ્રકરણને અંતે વિદ્યાર્થીના જ્ઞાનની કસોટી માટે અનુવાદ, રૂપાખ્યાન વગેરે સામગ્રી આપી છે.

વર્ણમાળામાં તેમણે વર્ણો, તેમનાં સ્થાન અને પ્રયત્નને સ્પષ્ટતાથી સમજાવ્યાં છે અને 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રોમાં વપરાયેલા મહત્ત્વના પ્રત્યાહારો

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પણ નિરૂપ્યા છે. અન્ય વ્યાકરણગ્રંથોની જેમ તેમણે સંધિ અંગે સ્વતંત્ર વિભાગ કર્યો નથી, પરંતુ ક્રિયારૂપો (तिङ्) અને નામરૂપો (सुप्) ના સંદર્ભમાં જે સંધિ પ્રાપ્ત થાય તે અંગેનાં સૂત્રો સમજાવ્યાં છે. न् નો ण्, વિસર્ગ, ऋકાર અને લોપને અકારાન્ત પ્રાતિપદિકનાં વિભક્ત્યન્ત રૂપોના સંદર્ભમાં ચર્ચ્યાં છે.

વિષયવ્યવસ્થા અંગે લેખકના ધ્યાનમાં 'સિદ્ધાન્તકૌમુદી' હોવા છતાં તેનું તેમણે હમેશાં અનુસરણ કર્યું નથી. ભટ્ટોજિને અનુસરીને લેખકે વર્ણમાળા સમજાવી છે અને બાહ્ય પ્રયત્નો સમજાવ્યા નથી તે તેમની યોજનાને અનુરૂપ છે. તેમણે અયોગવાહ અને યમનો નિર્દેશ કર્યો નથી. ઉદાત્ત અને અનુદાત્તનો અર્થ તે સમજ્યા નથી. 'Pronounced in a high tone' (उच्चैः) અને 'Pronounced in a low tone' (नीचैः) એવો અર્થ આપવાને બદલે તાલુ વગેરે સભાગ સ્થાનોમાં ઊર્ધ્વ ભાગેથી ઉચ્ચારાતો વર્ણ તે ઉદાત્ત એમ સમજાવવું જોઈએ. અહીં શ્રુતિ-પ્રકર્ષ સમજવાનો નથી. ભાષ્યમાં પ્રાપ્ત થતું વ્યાખ્યાન 'કાશિકા'માં થઈને 'સિદ્ધાન્તકૌમુદી'માં અવતાર પામ્યું છે તે તેમના ધ્યાનમાં આવ્યું નથી. પરિભાષા અંગેના અતિ નાના વિભાગમાં તેમણે પર, નિત્ય, અંતરંગ, અપવાદ, લક્ષ્ય, લક્ષણ, અસિદ્ધત્વ, ત્રિપાદી વગેરેને શરૂઆતમાં સમજાવવાં જોઈતાં હતાં. 'અષ્ટાધ્યાયી'માં પાણિનિની યોજના કે વિષયસંનિવેશ અંગે તેમણે કશું જણાવ્યું નથી.

આ પ્રથમ ભાગ વાંચતાં અને બાકીના ત્રણ ભાગનો સંક્ષેપ જોતાં લેખકના મનમાં ક્રિયારૂપોનું મહત્ત્વ વસ્યું હોય એમ લાગે છે. ચારેય ભાગમાં સમગ્ર ધાતુપાઠ આવી જશે એમ આપણે કલ્પી શકીએ. નામરૂપોને ભોગે તેમણે ધાતુરૂપોને વધારે મહત્ત્વ આપ્યું છે. પાણિનિએ અને ભટ્ટોજિએ પણ એક તરફ સંધિ, કારક, સમાસ, ષડ્લિંગ અને તદ્ધિત તો બીજી તરફ ધાતુરૂપો અને કૃદન્ત એવું સમતોલન જાળવ્યું છે. વળી વેદમાં ધાતુરૂપોના વિપુલ વપરાશ પછી તેમનો વપરાશ ઝડપથી ઓછો થતો ચાલ્યો. 'રામાયણ', પુરાણો અને કથાગ્રંથોમાં ક્રમશઃ ધાતુરૂપો ક્ષીણ બનતાં દેખાય છે અને બાણભટ્ટે તો ક્રિયારૂપને હતપ્રાય બનાવી દીધું છે. 'અષ્ટાધ્યાયી'માં પ્રવેશ માટે ક્રિયારૂપોનું બાહુલ્ય અને તેમની આવી વિસ્તૃત ચર્ચા અને તેના જ અનુસંધાનમાં ઉદાહરણો આવા નાનકડા પુસ્તકમાં બિનજરૂરી વિસ્તાર પામ્યાં છે એમ કહેવું જોઈએ.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પ્રસ્તાવનામાંનાં લેખકનાં કેટલાંક વિધાનો અપ્રસ્તુત, અસ્પષ્ટ અને ચિન્ત્ય છે. પાણિનિના સમયના તેમણે કલ્પેલા ઈસુની પૂર્વે ચોથા સૈકા અંગે કદાચ અભિપ્રાયાન્તર લેખે આપણે વિરોધ ન કરીએ તો પણ પ્રશિષ્ટ સંસ્કૃત વાઙ્મય, તેનો ઉદ્‌ગમ વગેરે અંગેનાં તેમનાં વિધાનો અસ્વીકાર્ય છે. પ્રશિષ્ટ સંસ્કૃતનો ઉદ્‌ગમ શૌરસેની પ્રાકૃતમાંથી થયો હતો એ વિધાન સાચું નથી, કારણ કે રામાયણ તથા અશ્વઘોષનાં કાવ્યો અને નાટકોની રચના શૌરસેનીના સાહિત્યના ઉદ્‌ભવ પહેલાં, અર્થાત્ ઇસુની પહેલી સદી પહેલાં થઈ હતી. બુદ્ધના સમયમાં સંસ્કૃત જનસમુદાયની ભાષા હતી કે નહિ તે અંગે નિર્ણય આપવો મુશ્કેલ છે. સામાન્ય જનસમુદાયમાં પ્રચલિત શબ્દરૂપો અંગે પાણિનિના નિયમો પ્રાપ્ત થાય છે.* પોતનાં વચનો દરેકે પોતાની બોલીમાં (**स्वकीयया निरुक्तया**) સમજવાં એવા બુદ્ધના ઉપદેશમાં એક ઉદાત્ત ધર્મપુરુષની શુભ ભાવના અને ધર્મપ્રચાર જ માનવાં રહ્યાં. શ્રીહર્ષના 'નૈષધીયચરિત'નાં ચંદ બરદાઈના 'પૃથ્વીરાજ રાસઉ' સાથેની સરખામણી અપ્રસ્તુત છે. તેમણે વાપરેલી 'ઇન્ડિઅન વર્નાક્યુલર્ઝ' સંજ્ઞા ખૂંચે છે. સંભવ છે કે ભારત સ્વતંત્ર થયું તે પહેલાં લેખકે આ પ્રસ્તાવનાવચનો લખ્યાં હોય.

પાણિનિએ પોતે પ્રબોધેલા નિયમોનો સૂત્રરચનામાં તેમણે જ ભંગ કર્યો છે અને તેનું ઉદાહરણ **भूवादयो धातवः** એવું સૂત્ર (૧.૩.૧) છે એમ કહીને લેખક જણાવે છે કે ઉચ્ચારણસૌકર્ય માટે **भ्वादयो** ને બદલે **भूवादयो** વધારે યોગ્ય છે. સંભવ છે કે પાણિનિના પોતાના સમયમાં भू અને भूव् એવા બે ધાતુઓ પ્રચલિત હોય અથવા 'અષ્ટાધ્યાયી' સૂત્રપાઠ જ્યારે સ્વરસહિત ઉચ્ચારાતો હશે ત્યારે **भूवादयो** એમ બોલવાની પદ્ધતિ હશે અથવા તો સ્વરકાર્ય અંગે **त्रिअम्बकम्** કે **वरेणिअम्**ની જેમ વ્યૂહની યોજનામાં **भूवाद्यो** થયું હોય. भू ધાતુની સાથે **वा (गतिगन्धनयोः)** ધાતુ સમજવો, અથવા व કારને મધ્યમંગલ માટે પ્રયોજ્યો છે એવી કલ્પનાઓ પણ ઉપરની કલ્પનાઓની જેમ તર્કથી વિશેષ નથી. તેમણે 'stilted and stereo-

---

* 'અષ્ટાધ્યાયી'માં અનેક સ્થળે **भाषायाम्** એવો પ્રયોગ છે. આ भाषा સંજ્ઞા વડે પાણિનિ શેનો નિર્દેશ કરે છે તે અંગે કેટલોક વાદવિવાદ થયો છે. તે તત્કાલીન સમાજના શિષ્ટોના વ્યવહારમાં વપરાતી ભાષા હોવાનો અને પાણિનિના વ્યાકરણ-નિયમો તેને અનુલક્ષતા હોવાનો મૂળે લીબિશનો મત વાજબી અને ઘણે ભાગે માન્ય ગણાય છે. (જુઓ કાર્ડોના, 'પાણિનિ', ૧૯૭૬, પૃ. ૨૩૮-૨૩૯)

[સંપાદક]

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

typed' ઉદાહરણોનો વિરોધ કર્યો છે પણ તેને બદલે શુષ્ક અને ક્રિયારૂપ-પ્રધાન વાક્યો ખડકયાં છે. ભાંડારકરનાં પુસ્તકોનાં ઉદાહરણો જેવી અનુગુંજન-શક્તિ તેમનાં ઉદાહરણોમાં નથી.

આ પુસ્તકમાં કાળેના પુસ્તકનાં વિસ્તાર અને સર્વગ્રાહિતા નથી, મૅકડોનેલ અને કીલહૉર્નનાં વ્યાકરણોમાં પ્રાપ્ત થતાં સંક્ષેપ અને સૂક્ષ્મતા નથી તેમ જ ભાંડારકરના સતત ગૂંજતાં રહેતાં ઉદાહરણવાક્યોનો ખજાનો નથી એવો કોઈ આક્ષેપ કરે તો એના જવાબમાં એમ કહી શકાય કે સ્વ. જુન્નરકરનો ઉદ્દેશ આ બધાથી ભિન્ન છે. જાણીતી પદ્ધતિઓને અનુસરતું સંસ્કૃત–વ્યાકરણનું પુસ્તક રચવાનો તેમનો ઉદ્દેશ નથી, પરંતુ પાણિનિનાં સૂત્રોને સ્પષ્ટતાથી સમજાવતાં 'સિદ્ધાન્તકૌમુદી'ને ધ્યાનમાં રાખીને તથા ભાંડારકરની 'માર્ગોપદેશિકા'નું સ્મરણ રાખીને 'અષ્ટાધ્યાયી'નો પરિચય કરાવવાની તેમની નેમ છે. તેમની આ નેમ આ પ્રથમ ભાગ જોતાં અને અન્ય ત્રણ ભાગ અંગે તેમણે આપેલ સક્ષેપ વાંચતાં સિદ્ધ થઈ છે એમ કહેવું જોઈએ. લેખકે વિષયની ચર્ચાના અનુસંધાનમાં જ પાણિનિસૂત્રોને પસંદ કરીને તેમનું વ્યાખ્યાન વારંવાર પુનરુક્તિ કરીને આપ્યું છે. તેથી સૂત્રપ્રાપ્ત વિષયોની જે સ્પષ્ટતા થાય છે, એ આ પુસ્તકનું મહત્ત્વનું પ્રદાન છે. એની સાથે સાથે અભ્યાસીને સંસ્કૃત વ્યાકરણનો પરિચય પણ થતો રહે છે એ બીજો લાભ છે. ચાર પુસ્તકોનું બરાબર અધ્યયન કર્યા પછી જિજ્ઞાસુ અભ્યાસી 'અષ્ટાધ્યાયી'નાં સૂત્રો, 'કાશિકા' અને 'સિદ્ધાન્તકૌમુદી'માં કોઈ પણ અવલંબન વિના નિરાંતે વિહરી શકશે. વિટ્ની અને કાર્ડોનાનાં પુસ્તકોમાં મળતી સ્પષ્ટતા લેખક સાધી શકયા છે.

પાણિનીય વ્યાકરણના જિજ્ઞાસુ અભ્યાસીને સુયોગ્ય મદદ થાય તેવું પુસ્તક લખવા બદલ લેખકને અને તેને પ્રસિદ્ધ કરવા બદલ શાન્તિ દીઘેને ધન્યવાદ ઘટે છે.

જયદેવ શુક્લ

■

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અત્ર-તત્ર

દક્ષિણની સૌરાષ્ટ્રી ભાષાનું એક વૈજ્ઞાનિક અધ્યયન

કયોતો (જાપાન)થી પ્રકાશિત થતા 'ઇન્ડોલોજિકલ રિવ્યૂ'ના બીજા ગ્રંથ(૧૯૭૬)માં નોરિહિકો ઉચિદાનો લેખ 'ધ તિરુપતિ ડાયલેક્ટ ઓવ ધ સૌરાષ્ટ્ર લેન્ગ્વેજ' પ્રકાશિત થયો છે. લેખમાળાનો એ પહેલો હપ્તો છે. મુખ્યત્વે તમિલનાડુમાં વસતી, વણકરનો વ્યવસાય કરતી સૌરાષ્ટ્રી નામક બ્રાહ્મણોની કોમનો એક નાનો ભાગ આંધ્રપ્રદેશમાં પણ વસ્યો છે. આંધ્રપ્રદેશનું તિરુપતિ અને નારાયણવરમ્ તથા તમિલનાડુનું આર્ણિ – એ ત્રણ ગામોના સૌરાષ્ટ્રીઓની બોલી મદુરા વગેરેના સૌરાષ્ટ્રીઓની બોલીથી જુદી છે.[1] પ્રસ્તુત લેખમાં તિરુપતિના સૌરાષ્ટ્રીના ધ્વનિતંત્રનું વર્ણન વર્ણનાત્મક અભિગમની માન્ય પદ્ધતિ અનુસાર અપાયું છે. ધ્વનિઘટકોના વર્ણનમાં ધ્વનિઘટકોની વર્ગીકૃત યાદી અને તદનુસાર દરેક ઘટકનું ધ્વનિપરક વર્ણન અને ઉપસ્થિતિનું સોદાહરણ નિરૂપણ આપેલાં છે; અને છાંદસ તત્ત્વો નીચે ભાર અને તીવ્રતાનાં સાધક તત્ત્વો, વાક્યાંતસૂચક સૂરવ્યવસ્થા, સંક્રમણ, સ્વરોનું દૌર્બલ્ય તથા દીર્ઘતા અને શબ્દની દીર્ઘતાના સંદર્ભે ધ્વનિઘટકોનું કાલમાન – એ વિષયોનું વ્યવસ્થિત નિરૂપણ કરેલું છે.

ડૉ. ઉચિદા બારેક વરસથી ભારતીય-આર્ય ભાષાઓ ઉપર કામ કરી રહ્યા છે. ચટગાંવની બંગાળી બોલી ઉપર મહાનિબંધ કરી (Der Chittagong-Dialekt von Bengali, ૧૯૭૦) તેમણે ૧૯૬૮માં

1. ૧૯૪૩-૪૪માં એચ. એન. રેન્ડલે એક વિસ્તૃત લેખ દ્વારા સૌરાષ્ટ્રી બોલીનો વ્યવસ્થિત પરિચય આપ્યો. મેં ૧૯૫૩માં આપેલા (અને એ પછીથી ગુજરાત સંશોધન મંડળના ત્રૈમાસિકમાં 'આહીરાણી, વણજારી અને સૌરાષ્ટ્રી બોલીઓનો ગુજરાતી સાથે સંબંધ' એવા નામ નીચે પ્રસિદ્ધ થયેલા) એક વ્યાખ્યાનમાં રેન્ડલના લેખને આધારે સૌરાષ્ટ્રીના વ્યાકરણની ટૂંકી રૂપરેખા આપી હતી. તે વેળા સૌરાષ્ટ્રીના ધ્વનિતંત્ર વિશે માહિતી ઉપલબ્ધ ન હતી અને અભિગમ પણ જૂનવાણી હતો. તે પછી ડૉ. ઈશ્વરલાલ દવેનું પુસ્તક 'દક્ષિણ ભારતના સૌરાષ્ટ્રીઓ' (૧૯૫૫) પ્રકાશિત થયું. આનું અંગ્રેજી ભાષાન્તર ૧૯૭૭માં પ્રકાશિત થયું છે. ડૉ. દવેના પુસ્તકનો સૌરાષ્ટ્રી ભાષાને લગતો અંશ, અર્વાચીન ભાષાવિજ્ઞાનની દષ્ટિ અને ચુસ્ત પદ્ધતિને અભાવે, ભાગ્યે જ કશું વૈજ્ઞાનિક મૂલ્ય ધરાવે છે. ડૉ. ઉચિદાના કામ સાથે સરખાવતાં પણ આ ભેદ સહેજે ધ્યાનમાં આવશે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

હાયૂડલ્બર્ગ યુનિવર્સિટી (જર્મની)ની પીએચ.ડી.ની ઉપાધિ મેળવી. તે પછી તેમણે હિન્દીના સ્વરતંત્રનું અધ્યયન કર્યું (એ પુસ્તક Zur Hindi-Vokal-Phonologie વિસ્બાડનથી પ્રકાશિત થયું છે.)[1] જાપાનથી પ્રકાશિત 'ધ જર્નલ ઓવ ઇન્ટર્કલ્ચરલ સ્ટડીઝ' (૩, ૧૯૭૬, પૃ. ૧૨ થી ૨૨)માં તેમણે કન્યાના તારુણ્યપ્રવેશને લગતાં તેલુગુ લોકગીતો વિશે પણ એક સંશોધન લેખ આપ્યો છે. હિન્દી ધ્વનિતંત્ર પરના તેમના બીજા પુસ્તક 'હિન્દી ફોનોલજી (૧૯૭૭)નું અવલોકન 'ભાષાવિમર્શ'ના આવતા અંકમાં અપાશે.

*

ઉદ્દેશ્ય-વિધેય-નિર્ણય અને અભિધેયની વિવિધ કક્ષાઓ

ચૉમ્સ્કીએ ભાષાના સપાટી પરના બંધારણ અને ઊંડેના બંધારણ વચ્ચે જે ભેદ કર્યો, અને ઊંડેના કે અંતર્વર્તી બંધારણનું સ્વરૂપ નિર્ભેળ-પણે વાક્યતત્ત્વીય છે કે તેમાં અર્થતત્ત્વીય અંશ પણ છે એ બાબત અત્યારે જે વાદવિવાદ ચાલે છે તે સંબંધમાં જે. એલ. શૉ (Sbaw)નો હમણાંનો એક લેખ અગત્યનો ગણાય.[2] તેમની સ્થાપના એવી છે કે 'અમુક વાક્યમાં ઉદ્દેશ્ય કયું અને વિધેય કયું?' એ પ્રશ્ન સંદિગ્ધ છે. પ્રશ્નને વધુ ચોક્કસ કરવા માટે એ જણાવવું જરૂરી છે કે (૧) આપણે કઈ ભાષાની વાત કરીએ છીએ? અને (૨) તેની કઈ કક્ષા ('લેવલ')ની વાત કરીએ છીએ. અને આ અંગે ભાષાગત વિવિધ કક્ષાઓની ચર્ચા કરતાં તેમણે (૧) પાણિનિના વ્યાકરણતંત્રમાં ઊંડેનું બંધારણ વાક્યતત્ત્વ અને અર્થતત્ત્વને ચુસ્તપણે જુદા પાડતું નથી એ હકીકતને તથા (૨) વાક્યની પ્રકૃતિ પરત્વે વૈયાકરણો અને નૈયાયિકોની વચ્ચેના વિવાદને ઉપયોગમાં લીધાં છે.

કિપારસ્કી અને સ્તાલના મતે પાણિનિનું વ્યાકરણ અર્થરૂપ વાક્યોને ધ્વનિરૂપમાં મૂકવાની નિયમાવલિ છે, અને તે પ્રક્રિયામાં બે અવાન્તર

---

૧. 'ઇન્ડો-ઇરાનિઅન જર્નલ'માં (૧૩/૪, ૧૯૭૧ [૧૯૭૨], પા. ૨૫૪-૨૭૩) પ્રકાશિત થયેલા એક અગત્યના લેખ (Geminirte Konsonanten in Hoch-Hindi)માં તેમણે સાહિત્યિક હિન્દી-'ઉચ્ચ હિંદી'માં 'અપવાદ'રૂપે મળતા સંયુક્ત (અસરલીકૃત) વ્યંજનોની સમસ્યા પર પ્રકાશ નાખ્યો છે. તેમને પંજાબી પ્રભાવ ગણવાના પ્રચલિત મતના વિરોધે તેમણે તેને કૌરવી, હરિયાણવી જેવી હિંદી બોલીઓનો પ્રભાવ ગણાવ્યો છે. બીજી રીતે કહીએ તો પંજાબીથી ખડી બોલી સુધીના વિસ્તારમાં સંયુક્ત વ્યંજનોના સરલીકરણનું વલણ ઉત્તરોત્તર વધતું હોવાની હકીકતને લક્ષમાં લઈએ તો જ આ પ્રશ્નનો ખરો ઉકેલ લાવી શકાય.

૨. 'સબ્જેક્ટ ઍન્ડ પ્રેડિકેટ' – 'જર્નલ અવ ઇન્ડિઅન ફિલૉસૉફી', અં. ૪, ૧-૨, ૧૫૫-૧૭૯ (સપ્ટે.-ડિસે., ૧૯૭૬).

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ભૂમિકાઓ હોય છે, જે સાધક ('જેનરેટિવ') વ્યાકરણમાં સ્વીકારાયેલાં ઊંડેના અને સપાટીના બંધારણ સાથે સરખાવી શકાય તેવી છે. આમ કુલ ચાર કક્ષાઓ થઈ : અર્થરૂપ → ઊંડેની સંરચનાઓ → સપાટીની સંરચનાઓ → ધ્વનિરૂપ. આમાંની છેલ્લી બે કક્ષાઓને સપાટીની કક્ષામાં સમાવી લેવાય.

પાણિનિ ' ક્રિયા માટે સ્વતંત્રપણે પ્રવર્તનારને જે સૌથી વધુ ઇપ્સિત', 'ક્રિયાને જે સૌથી વધુ સાધનારું', 'ક્રિયાનું જે અધિષ્ઠાન' વગેરે જેવા વિભાવો ધરાવતી અર્થની કક્ષા સંબંધોથી શરૂ કરે છે. આ સંબંધો 'કર્મ', 'કરણ', 'અધિકરણ', વગેરે કારકો તરીકે ઊંડેના બંધારણમાં પ્રતિનિધાન પામે છે. (એક જ કારકસંબંધ રૂપાંતરણથી વિવિધ સ્વરૂપ પ્રાપ્ત કરે; જેમ કે **कुंभान् करोति** પરથી **कुंभाः क्रियन्ते, कुंभाः कृताः, कुंभानां कर्ता** અને **कुंभकारः.**) આ કારકો વિવિધ વિભક્તિઓ રૂપે સપાટીના બંધારણમાં પ્રતિનિધાન પામે છે. કારક વિવક્ષાધીન હોઈ ને પાકક્રિયામાં અધિકરણરૂપ સ્થાલી, કરણરૂપ અગ્નિ અને ઇંધન, કર્મરૂપ તંડુલ એ સૌ દેવદત્તની જેમ કર્તાવિભક્તિથી વ્યક્ત થાય છે અને એ વિભક્તિઓ પણ વિવિધ પ્રત્યયો વડે દર્શાવાય છે. આધુનિક પાશ્ચાત્ય વિચારણાની દૃષ્ટિએ જોઈએ તો **रामः कुंभान् करोति** એ વાક્યમાં **रामः, रामेण कुंभाः क्रियन्ते** એમાં **कुंभाः** અને **देवदत्तः रामेण कुंभान् कारयति** એમાં **देवदत्तः** સપાટીની કક્ષાએ કર્તા છે, પણ ઊંડેની કક્ષાએ એ બધાં વાક્યોમાં રામ જ કર્તા છે, અને ઉપર્યુક્ત પાકક્રિયાના ઉદાહરણમાં દેવદત્ત જ કર્તા છે.

આ પ્રકારની વ્યવસ્થામાં ઊંડેની કક્ષાને અર્થતત્ત્વીય કક્ષાથી જુદી પાડી શકાતી નથી. જો ઊંડેની કક્ષા અને અર્થતત્ત્વીય કક્ષાને ભિન્ન રાખવી હોય તો ઊંડેની કક્ષાને કેવળ વાક્યતત્ત્વીય જ માનવી અનિવાર્ય છે.

વાક્યાર્થમાં પ્રાધાન્ય કોનું – કર્તાનું, વ્યાપારનું કે ભાવનાનું ? એ અંગે ભારતીય વૈયાકરણો, મીમાંસકો અને નૈયાયિકોની વચ્ચે મતભેદ છે. **देवदत्तः पचति** એ વાક્યથી થતો અર્થબોધ પાણિનીયો પ્રમાણે :

देवदत्त-निष्ठो वर्तमानकालिको विक्लित्त्यनुकूलो व्यापारः

('એટલે કે 'દેવદત્તગત વર્તમાનકાળમાં થતો ભીંજાઈને પોચા થવાને અનુકૂળ એવો વ્યાપાર')

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

એવો છે.

ભાટ્ટ મીમાંસકો પ્રમાણે તે

देवदत्त-निष्ठा पाकानुकूला भावना

(એટલે કે 'દેવદત્તગત પચનને અનુકૂળ એવું પરિણામ લાવવાની ક્રિયા')

એવો છે.

નૈયાયિકો પ્રમાણે તે

पाकानुकूल-कृतिमान् देवदत्तः

(એટલે કે 'પચનને અનુકૂળ એવી ક્રિયાથી યુક્ત દેવદત્ત')

એવો છે.

આ રીતે વિશેષ્ય-વિશેષણ સંબંધને જોવાના દૃષ્ટિભેદને ધ્યાનમાં લેતાં, વસ્તુતઃ જે એક જ અર્થ છે તેને, પ્રસ્તુત કરતા વાક્ય દ્વારા થતા શાબ્દબોધમાં ભિન્ન ભિન્ન રૂપે લઈ શકાય છે[૧] આ કારણે શાબ્દબોધની 'એપિસ્ટેમિક' કક્ષાને એક તરફથી વસ્તુસ્થિતિની 'ઑન્ટોલૉજિકલ' કે અર્થતત્ત્વીય કક્ષાથી, તો બીજી તરફથી ભાષિક કક્ષાઓથી જુદી ગણવી પડશે.

વળી (૧) રસેલ, ક્વાયૂન વગેરેના જુદા જુદા ન્યાયતંત્ર અનુસાર વાક્યનાં વિવિધ રીતે વિશ્લેષણ થતાં હોવાથી, અને (૨) ઊંડેના બંધારણના વિશ્લેષણનું પ્રયોજન તાર્કિક વિશ્લેષણના પ્રયોજનથી જુદું હોવાથી ઊંડેના બંધારણની કક્ષા અને તાર્કિક કક્ષા પણ જુદી જુદી હોવાનું આપણે સ્વીકારવું પડશે.

કોને ઉદ્દેશ્ય ગણવું અને કોને વિધેય તેનાં સ્ટ્રૉસને 'સબ્જેક્ટ ઍન્ડ પ્રેડિકેટ ઇન લૉજિક ઍન્ડ ગ્રેમર' (૧૯૭૪)માં જે ધોરણો આપેલાં છે તેની મુશ્કેલીઓ વાક્યમાં જે વિષયભૂત ('ટૉપિક') છે અને જે વિવરણ ('કમેન્ટ') છે તેમનો આધાર લઈને નિવારી શકાય તેમ છે. પરંતુ શૌની સ્થાપના એ છે કે વિષયભૂત કર્તા કે ઉદ્દેશ્ય એ તો ઉદ્દેશ્યનો એક પ્રકાર છે. ઉદ્દેશ્ય–વિધેયનો ભેદ અનેક કક્ષાએ કરવો પડે તેમ છે, અને જુદીજુદી કક્ષાનાં ઉદ્દેશ્યો જુદાજુદા પણ હોય.

*

---

૧ કાર્ડોનાએ પણ 'પેરફ્રેયૂઝ એન્ડ સેન્ટન્સ અનેલસિસ, સમ ઇન્ડિઅન વ્યૂઝ', 'જર્નલ અવ ઇન્ડિયન ફિલૉસૉફી', ૩, ૩–૪, ૨૫૯–૨૮૧ (૧૯૭૫) એ લેખમાં શાબ્દબોધનો પરિચય આપ્યો છે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પાણિનીય વ્યાકરણપરંપરાના અર્વાચીન અધ્યયનોનું સમીક્ષાત્મક સર્વેક્ષણ

જોર્જ કાર્દોનાનું 'પાણિનિ – અ સર્વે અવ રિસર્ચ' (૧૯૭૬) એ ચાર સો પાનાંની સંદર્ભસૂચિ વસ્તુતઃ તો (૧) પાણિનિનું વ્યાકરણ તથા (૨) પાણિનીયોની અર્થવિજ્ઞાન અને વ્યાકરણના તત્ત્વજ્ઞાન વિષયક કૃતિઓ –એમને લગતા સંશોધનકાર્યનું આલોચનાત્મક સર્વેક્ષણ છે. પહેલા ખંડનાં ૧૩૬ પૃષ્ઠોમાં અંગ્રેજી, જર્મન, ફ્રેન્ચ, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી વગેરે ભાષાનાં ઉક્ત વિષયનાં પુસ્તકો ને સંશોધનલેખોની લેખકવાર કાળક્રમિક સૂચિ છે. બીજા ખંડનાં ૧૭૫ પૃષ્ઠોમાં મૂળ ગ્રંથો અને ટીકાઓનાં સંપાદનો, અધ્યયનો વગેરેને અનુલક્ષીને કરેલા વિગતી વિષયવિભાજનને અનુસરતી, પહેલા વિભાગની સંશોધનસામગ્રીની એક તજ્જ્ઞે કરેલી સમીક્ષા છે, જેમાં બધા મહત્ત્વના મુદ્દાઓને લગતી વિચારણા અને મંતવ્યોનું સંક્ષિપ્ત દોહન, તારણ અને મૂલ્યાંકન છે. અંતે આપેલી સાડા પાંચ સો જેટલી ટિપ્પણીઓમાં જે ચર્ચા, માહિતી વગેરેનો સમાવેશ થયો છે તેનું પણ ઓછું મૂલ્ય નથી. બીજા ખંડમાં આપેલાં સંશોધનસાહિત્યની સમીક્ષા અને મૂલ્યાંકન નીચે પ્રમાણેના વિષયોના ક્રમે રજૂ થયાં છે (આ વિષયોના આવશ્યકતા અનુસાર પેટાવિભાગો તથા તેમના પણ પેટાવિભાગો કરેલા છે.) :

સંસ્કૃત વ્યાકરણનો ઇતિહાસ; વ્યાકરણવિષયક સંશોધનોનું સર્વેક્ષણ; ગ્રંથસૂચિઓ; પાણિનિની 'અષ્ટાધ્યાયી' : મૂળ પાઠની સમસ્યાઓ; પ્રાક્પાણિનીય વ્યાકરણો; સૂત્રપાઠ, ધાતુપાઠ, ગણપાઠ, પરિભાષાઓ, ઉણાદિ-સૂત્રો, ફિટ્સૂત્રો, લિંગાનુશાસન, 'પાણિનિશિક્ષા' – એમને લગતા કર્તૃત્વ આદિના પ્રશ્નો; પાણિનીય વ્યાકરણતંત્ર; નિયમાવલિ, સંજ્ઞા અને પરિભાષાનાં સ્વરૂપ; ધ્વનિતત્ત્વ, સંધિ, રૂપતત્ત્વ, વાક્યતત્ત્વ, અર્થતત્ત્વને લગતું કાર્ય; પાણિનીય વ્યાકરણ અને અન્ય વ્યાકરણતંત્રો; 'અષ્ટાધ્યાયી' પરની વૃત્તિઓ; 'મહાભાષ્ય;' કાલનિર્ણય; પ્રતિબિંબિત સમાજ અને સંસ્કૃતિ; ઉત્તરકાલીન વૃત્તિઓ; 'કાશિકા,' 'ન્યાસ,' 'પદમંજરી,' 'ભાષાવૃત્તિ,' 'મિતાક્ષરા,' 'શબ્દકૌસ્તુભ,' 'ભાગવૃત્તિ,' 'દુર્ઘટવૃત્તિ;' 'રૂપાવતાર,' 'પ્રક્રિયાકૌમુદી,' 'સિદ્ધાન્તકૌમુદી;' ધાતુપાઠ પરની વૃત્તિઓ; અર્થતત્ત્વ અને વ્યાકરણદર્શનને લગતા ગ્રંથો; ભર્તૃહરિ, કૌંડભટ્ટ, નાગેશ; વ્યાકરણ-શાસ્ત્રનિષ્ઠ કાવ્યો; સંશોધનનાં સાંપ્રત વલણો.

*

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અર્વાચીન પાશ્ચાત્ય ભાષાવૈજ્ઞાનિક અભિગમો અને પાણિનીય વ્યાકરણતંત્ર

અર્વાચીન ભાષાવૈજ્ઞાનિક વાદો અને સિદ્ધાંતોના સંદર્ભમાં પાણિનિ-વ્યાકરણનું સ્વરૂપલક્ષણ નક્કી કરવા જે વિવિધ પ્રયાસો થયા છે તે વિશેના કાર્ડોનાના અભિપ્રાયો(પૃ. ૨૩૨–૨૩૭)નું તાત્પર્ય આ પ્રમાણે છે:

વિદ્યાનિવાસ મિશ્ર પાણિનીય વ્યાકરણતંત્રમાં 'ઘટકો અને ગોઠવણી' અને 'ઘટકો અને સાધનપ્રક્રિયા' ('આયૂટમ–ઍન્ડ–અરેન્જમન્ટ'; 'આય્-ટમ–ઍન્ડ–પ્રૉસેસ') એ અભિગમોનો તથા સાધક ('ટ્રાન્સફૉર્મેશનલ') વ્યાકરણ અને સ્તરીકરણાત્મક ('સ્ટ્રેટિફિકેશનલ') વ્યાકરણનો સમન્વય જુએ છે. પાણિનિના વાક્યતત્ત્વને પણ તેઓ સાધક અને સ્તરીકરણાત્મક વિશ્લેષણ-વિધિનું સંયોજન માને છે. આ દાવાઓ અમુક અંશે યોગ્ય હોય તો પણ મિશ્રે તેમના આવશ્યક સમર્થક આધારો નથી આપ્યા.

સ્તાલે પાણિનિના તંત્રમાં સાધક વ્યાકરણની વિધિઓ શોધી કાઢવા પ્રયાસ કર્યો છે, અને તેઓ મીમાંસાને ભાષામાં સામર્થ્યની દૃષ્ટિએ નહીં પણ વિનિયોગની દૃષ્ટિએ રસ હોવાનું, તો પાણિનિને ભાષાસામર્થ્યમાં–ભાષાના ઊંડેના બંધારણમાં તેમ જ ભાષાવિનિયોગમાં રસ હોવાનું માને છે. આ દાવા માટે પણ સમર્થક આધારો પૂરા પાડવામાં આવ્યા નથી. વળી કિપાર્સ્કી અને સ્તાલ પાણિનીય કારકો અંતર્ગત બંધારણને લગતા હોવાનું ગણીને એવો દાવો કરે છે કે ચાલુ રૂપાંતરણીય વ્યાકરણમાં વાક્ય-તત્ત્વીય નિયમો દ્વારા સાધિત સંરચનાઓના રૂપાંતરણના નિયમો સમાવિષ્ટ હોય છે, પણ પાણિનિના વ્યાકરણમાં આવા રૂપાંતરણ નિયમો નથી. આ મતનું ખંડન કરતો પુરાવો કાર્ડોના રજૂ કરે છે.

અનંતનારાયણ ફિલ્મોરના વિભક્તિવ્યાકરણ ('કેયૂસ ગ્રામર')નું માળખું પાણિનિવ્યાકરણમાં લઈ આવે છે. આધુનિક વિભક્તિવ્યાકરણ સાથે પાણિનિના અભિગમનું સર્વાધિક સામ્ય છે એ સાચું, છતાં એ બંને વચ્ચે કેટલાક મહત્ત્વના ભેદો પણ રહેલા છે. આધુનિક વિભક્તિવ્યાકરણમાં તે તે ભાષા અનુસાર 'કર્તા' વગેરે તત્ત્વોને અલગપણે ઉપલક બંધારણ માટે સ્વીકારવા પડે છે, કારણ કે ઊંડેના બંધારણમાંના 'અનુષ્ઠાતા' ('એજન્ટ') વગેરે તત્ત્વોનું સ્વરૂપ શુદ્ધ અર્થતત્ત્વીય ('સિમેન્ટિક') હોવાનું મનાયું છે અને તેના મૂળમાં પણ ભાષાનાં વૈશ્વિક તત્ત્વો સ્થાપવાનું પ્રયોજન રહેલું છે. પરંતુ

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

પાણિનિનાં કારકો સંયુક્તપણે વાક્યતત્ત્વીય અને અર્થતત્ત્વીય છે; અને પાણિનિની 'અષ્ટાધ્યાયી'ને વૈશ્વિક તત્ત્વો સ્થાપવા સાથે કશી લેવાદેવા હોવાનો કોઈ પુરાવો નથી; તેનું પ્રયોજન તો માત્ર સંસ્કૃત ભાષાના સાધુ પ્રયોગો માટેની નિયમાવલી આપવાનું જ છે.

અનિલ સિંહાનો પાણિનીય તંત્રમાં સાધક અર્થતત્ત્વીય તંત્ર ('સિસ્ટમ અવ જૅનરેટિવ સિમેન્ટિક્સ') જોવાનો પ્રયાસ પણ કાર્ડોનાને મતે એક દિશાભૂલ છે.

પાણિનિ-વ્યાકરણમાં વિવિધ અર્વાચીન વ્યાકરણીય સિદ્ધાંતો કે મોડેલો જોવાના પ્રયાસો કાર્ડોનાના મતે અંધહસ્તી ન્યાયનાં ઉદાહરણ છે. કેટલીક વાર પાણિનિ અમુક અર્થ દર્શાવવા અમુક પ્રત્યયનું આદાન કરવું એવા નિયમો આપે છે તે પરથી તે 'જૅનરેટિવ સિમેન્ટિસિસ્ટ' હોવાનું કોઈ માને. તેની રૂપસાધના અંગ અને પ્રત્યય એવા વિભાગ ઉપર આધારિત હોઇને તેનું વ્યાકરણ 'ઘટકો અને તેમની સાધનપ્રક્રિયા' એ પદ્ધતિએ કેવળ રૂપતંત્ર જ નિરૂપતું હોવાનું કોઈ માને. તો પાણિનિવ્યાકરણ વાક્ય વચ્ચેના સંબંધનો પણ વિચાર કરતું હોઈને કોઈ પાણિનિને રૂપાંતરણીય વ્યાકરણકાર ગણે. આ દરેક મત માટે કેટલોક આધાર જરૂર છે, પણ તેમાંનો એકેય મત સમગ્રપણે સ્વીકાર્ય થાય તેવો નથી.

આ સંબંધમાં થિમે, રોશર અને કાર્ડોનાનો આક્ષેપ એવો છે કે કેટલાક અર્વાચીન ભાષાવિજ્ઞાનીઓને પોતાના સિદ્ધાંતોમાં જેટલો રસ છે તેટલો રસ ભારતીય વૈયાકરણનાં ખરેખરાં પ્રતિપાદનો શાં છે તે જાણવા-સમજવામાં નથી. આથી આધુનિક પાશ્ચાત્ય ભાષાસિદ્ધાન્તો સાથેની ભારતીય વ્યાકરણતંત્રની તુલના ઉપરછલ્લી જ રહેવાનો ભય રહે છે. ભારતીય પદ્ધતિને પૂરી સમજ્યા વિના તેની સાથે જાણીતી પાશ્ચાત્ય પદ્ધતિઓને સરખાવવાની ઉતાવળ કરવાથી પાણિનિવ્યાકરણનું અર્થઘટન કરવામાં વિકૃતિ પેસે છે એ ચિંતાનો વિષય છે. સ્તાલે આનો પ્રતિવાદ કર્યો છે.

*

સં. माणवक-ની વ્યુત્પત્તિ

૧. ફિન્લૅન્ડના પ્રાચ્યવિદ્યામંડળ ('ફિનિશ ઓરિએન્ટલ સોસાયટી') તરફથી પ્રકાશિત થતા સંશોધન-સામયિક 'સ્ટુડિઆ ઓરિએન્ટાલિઆ'-નો ૧૯૭૭માં પ્રકાશિત ૪૭મો ગ્રંથ અધ્યાપક પેન્તિ આલ્તો (Pentti

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

Aalto)ની ષષ્ટયબ્દપૂર્તિ નિમિત્તે અભિનંદન-ગ્રંથ તરીકે પ્રસ્તુત થયો છે. એમાં તેમના સહયોગીઓ, શિષ્યો અને મિત્રોએ અર્પિત સંશોધનલેખો આપેલા છે. પેન્તિ આલ્તો સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિદ્વાન હોવા ઉપરાંત આલ્તાઈ (તુર્કી, મોન્ગોલ વગેરે) ભાષાસાહિત્યના નિષ્ણાત છે. તેમના વિપુલ સંશોધનસાહિત્યમાં સિંધુલિપિના ઉકેલના પ્રયાસોનો પણ સમાવેશ થાય છે.[૫] ઉક્ત અભિનંદનગ્રંથમાં આસ્કો પાર્પોલાએ એક લેખમાં સં. **माणव(क)**- શબ્દની વ્યુત્પત્તિ ચર્ચી છે.[૬]

૨. માયર્હોફર, વાકર્નાગેલ, મોનિઅર–વિલિઅમ્ઝ વગેરેએ ' અમરકોશ ' તથા પ્રશિષ્ટ સંસ્કૃતના પ્રયોગોને અનુસરીને **माणवक**- નો મુખ્ય અર્થ ' નાનો છોકરો ' હોવાનું માન્યું, ' શિષ્ય, વૈદિક છાત્ર, બ્રહ્મચારી ' એ અર્થને સાધિત માન્યો, અને તે અનુસાર સં. **मानव**- પરથી ' પ્રાકૃત 'ના પ્રભાવે (લોકપ્રયોગમાં) **माणव**- અને પછી લઘુતાવાચક -**क**- પ્રત્યય લાગીને **माणवक**- થયું હોવાનું ગણ્યું.

૩. પાર્પોલા કહે છે કે પાણિનિ, પતંજલિ, ગૃહ્યસૂત્રો વગેરેમાં થયેલા પ્રયોગોને ધ્યાનમાં લેતાં ' શિષ્ય, વૈદિક છાત્ર, બ્રહ્મચારી' એ મૂળનો અર્થ, ' નાનો છોકરો ' એ બદલાયેલો અર્થ છે તેમાં કશો શક નથી. તેમણે સવિસ્તર આ પ્રયોગો ટાંકયા છે.

૪. અર્થવિકાસ આ રીતે થયેલો ગણતાં **माणवक**-ની વ્યુત્પત્તિનો પ્રશ્ન પણ ઉપસ્થિત થાય છે. પાર્પોલાના મતે દ્રાવિડી **माण**, **माणि** ' બ્રાહ્મણ-કુમાર, છાત્ર ' વગેરેને ધ્યાનમાં લેતાં **माणवक** મૂળે દ્રાવિડીમાંથી લેવાયો હોય. એમેનો અને બરોએ તમિળ વગેરેમાંના **माणि**, **माणाक्किन्** વગેરે શબ્દો સંસ્કૃતમાંથી આવેલા ગણ્યા છે. પરંતુ તેમને તે વેળા પ્રાચીન તમિળ સાહિત્યમાંના પ્રયોગો સુલભ ન હોવાથી આમ માન્યું છે. બ્રહ્મચારીને અનેક પ્રકારનો સંયમ પાળવાનો રહેતો, ત્યાગમય જીવન જીવવાનું હતું.

---

૫. એ. પાર્પોલા., એસ. કોસ્કેનિએનિ અને એસ. પાર્પોલાની સાથે મળીને તેમણે આ વિષયની ત્રણ પુસ્તિકાએ ૧૯૬૯, ૧૯૭૦ માં પ્રકાશિત કરી છે અને ૧૯૭૪ માં સિંધુલિપિના ઉકેલની પદ્ધતિ અને પરિણામોને મૂલવતો એક લેખ પ્રકાશિત કર્યો છે. આ પ્રયાસની ઝાયૂઠ અને ઝ્વેલેબિલકૃત સમીક્ષાના નિષ્કર્ષો માટે જુઓ ' અનુસંધાન ' (૧૯૭૨), પૃ. ૨૮૪–૨૮૭.

૬. ' સંસ્કૃત माणव(का– " (વેદિક સ્ટયુડન્ટ, પ્યુપિલ, (બ્રાહ્મિન) બોય " એન્ડ ધ રિલિન્ક્વસ ફ્રાસ્ટ ઇન એન્શન્ટ ઇન્ડિઆ ', પૃ. ૧૫૧–૧૬૩.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

અને કન્નડ ધાતુ **माण्** ‘ અટકવું, વિરમવું,–ની વિના રહેવું ’ વગેરે સામગ્રી જોતાં **माणवक**–ની દ્રાવિડી વ્યુત્પત્તિ સમર્થિત થાય છે.

૫. અંતમાં પાપોંલા પ્રાચીન ભારતીય બ્રહ્મચર્ય અને ઉપવાસની પ્રથાને બીજી કેટલીક સંસ્કૃતિઓમાં વ્યાપક એવી બાલ્યમાંથી પુખ્તવયમાં થતી સંક્રાંતિની અને તેની સાથે જોડાયેલ એક અવસ્થાના મૃત્યુના અને બીજી અવસ્થાના જન્મની (ઉપનયન દ્વારા **द्विज** બનવાની) વિધિઓ અને કર્મકાંડ સાથે સાંકળે છે. આ સંબંધમાં આપણે એટલું નોંધીએ કે હેમચંદ્રે ‘અભિધાનચિંતામણિ’માં **माणवक**– અને **वटु**–(**बटु**–)ને પર્યાય ગણ્યા છે અને એમ તેમણે **माणवक**ને ‘ જેનાં ઉપનયન સંસ્કાર થયા છે તેવો બાળક ’ એ અર્થમાં જ આપ્યો છે. વળી **वटु**– (કે **वटुक**–) સામાન્ય ‘ બાળક, છોકરો ’ અર્થમાં હોવા કરતાં ‘ઉપનયનવિધિ કરેલો બ્રાહ્મણકુમાર’ એ અર્થમાં વધુ વ્યાપક હોવાનું (૧) હેમચંદ્રે **उपनयन**ના પર્યાય તરીકે આપેલા **वटूकरण** ઉપરથી, અને (૨) અત્યારે પણ ગુજરાતમાં જનોઈ આપવાની વિધિ વેળા મુંડિત બાળક હાથમાં દંડ લઈને વિદ્યાધ્યયન માટે, કાશી જતો હોવાની જે વિધિ થાય છે તેને ‘ બડવો દોડાવવો ’ કહે છે (સં. **वटुक**–, પ્રા. **वडुअ**–, અને –**अ**– પ્રત્યય વડે વિસ્તરણ પામીને ગુજ. **बडवो**)– તે ઉપરથી પણ સિદ્ધ થાય છે. પાણિનિ (૧/૩/૩૬)માં આવતા **आचार्य**–**करण**નો અર્થ **उपनयन** કરેલો છે. (**आत्मनम् आचार्यीकुर्वन् माणवकम् आत्मसमीपं प्रापयति**) અને એ રીતે એ શબ્દ અને **वटूकरण** સમાનાર્થ છે. (મોનિઅર વિલિયમ્ઝના સંસ્કૃત–અંગ્રેજી કોશમાં **आचार्यकरण**નો અર્થ ‘ એક્ટિંગ એઝ ટીચર ’ કરેલો છે તે ભૂલ છે.).

■

આ અંકના લેખક :

શાંતિભાઈ આચાર્ય : ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં ભાષાવિજ્ઞાનના અધ્યાપક. એમનાં પ્રકાશનો : ‘ ભીલી–ગુજરાતી શબ્દાવલિ ’ (૧૯૬૫), ‘ કચ્છી શબ્દાવલિ ’ (૧૯૬૬), ‘ ચોધરીઓ અને ચોધરી ’ (૧૯૬૯), ‘ હાલારી બોલી ’ (૧૯૭૮) વગેરે.

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

'ભાષાવિમર્શ' અંગે માહિતી

[ફોર્મ નં. ૪—નિયમ નં. ૮ ની રૂએ]

૧. પ્રકાશનનું સ્થળ	ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ–૧
૨. એના પ્રકાશનની સામયિકતા	ત્રૈમાસિક, દર ત્રણ માસે પ્રગટ થતું.
૩. મુદ્રકનું નામ	કાન્તિભાઈ મ. મિસ્ત્રી
રાષ્ટ્રીયતા	ભારતીય
સરનામું	આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ–૯
૪. પ્રકાશકનું નામ	રઘુવીર ચૌધરી
રાષ્ટ્રીયતા	ભારતીય
સરનામું	ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ–૯
૫. તંત્રીનું નામ	હરિવલ્લભ ભાયાણી
રાષ્ટ્રીયતા	ભારતીય
સરનામું	ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ–૯
૬. જે અખબારના માલિક હોય તે શખ્સોનાં અને કુલ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદારો અથવા શેરહોલ્ડરોનાં નામ અને સરનામાં	ટ્રસ્ટીઓ : શ્રી. એચ. એમ. પટેલ, શ્રી. ઉમાશંકર જોશી, શ્રી. ઝીણાભાઈ દેસાઈ, શ્રી. ગુલાબદાસ બ્રોકર, શ્રી. યશવન્ત શુક્લ, સરનામું : ગુજરાતી સાહિત્ય પરિષદ, C/o શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ–૯

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ALWAYS INSIST ON RUSTOM FABRICS

* "SANFORIZED" Poplins, Checks, Dyed Merc. Patto Shirtings.
* Wash & Wear Dyed Poplins & Prints.
* Fancy Screen Print, Poplins, Cambrics etc.
* Rubia Cambric, Print Voiles etc.
* 100% Polyester Printed Shirting and Dress materials.

RUSTOM MILLS

R. B. No. 131, AHMEDABAD - 380001

Grams : "Uplift"
Telex : 012-489

Tele. : 24327
& 24428

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

બાલગોવિન્દનાં વિશિષ્ટ પ્રકાશનો

સહજ : વાડીલાલ ડગલી રૂ. ૧૦-૦૦
પરદેશનો નિવાસ, અર્થશાસ્ત્રનો અભ્યાસ, પત્રકારનો વ્યવસાય, દેશ-વિદેશનો પ્રવાસ, ગદ્યલેખનનો અનુભવ – આ સૌ પરિબળોમાંથી 'સહજ'ની કવિતામાં વૈશ્વિક એવી આધુનિક સંવેદના પ્રગટ થાય છે.

વિશ્વનું યૌવન : નારાયણ દેસાઈ રૂ. ૧૨-૦૦
વિશ્વની તરુણાઈનું વાતાવરણ અને એનું વિશ્લેષણ એ બંને વસ્તુ અહીં સુલભ થશે.

તદ્ભવ : હસિત હ. બૂચ રૂ. ૧૫-૦૦
સાહિત્યિક સિદ્ધાન્તો, સમર્થ સર્જકો અને વિશિષ્ટ કૃતિઓ વિશે અહીં ૨૧ વિવેચન-લેખો સંકલિત કરવામાં આવ્યા છે.

ઈશુ ભાગવત : સ્વામી આનંદ રૂ. ૬-૦૦
સ્વામી દાદાનો ગુજરાતી ભાષામાં લખવાનો આરંભ 'ઈશુનું બલિદાન' પુસ્તકથી થયો હતો. તેમના જીવનનાં અંતિમ વરસોના પરિપાકરૂપે 'ઈશુ ભાગવત' ગુજરાતને મળે છે.

અધ્યયન અધ્યાપનની પ્રક્રિયા : મોહનભાઈ પંચાલ રૂ. ૧૬-૫૦
શિક્ષણશાસ્ત્ર અને મનોવિજ્ઞાનનો સમન્વિત સ્વાધ્યાય અહીં ૨૩ પ્રકરણોમાં રજૂ થયો છે.

સંત સેવતાં સુકૃત વાધે : નારાયણ દેસાઈ રૂ. ૬-૦૦
લેખકનાં આ સંસ્મરણો ક્યારેક રેખાચિત્રનું સૌન્દર્ય ધારણ કરે છે.

પ્રભુના કારણે : ઈશ્વરભાઈ પટેલ રૂ. ૧૧-૦૦
મૂળ રેવ. ડેવિડ વિલ્કરસનના પ્રેરક લેખોનો રસાળ અનુવાદ.

બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ–૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

જો શબ્દનો જ્યોતિ સર્વત્ર પ્રકાશતો ન હોય તો આખુંય વિશ્વ અંધકારમય બની જાય.

— દંડી

શુભેચ્છક

કનુભાઈ એન્જિનિયર્સ પ્રા. લિ૦

૩, મેંગોલેન, કલકત્તા-૭૦૦ ૦૦૧

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

THE KILLICK GROUP

Products and Services for National Development

We at Killicks are proud of the association of our Group with industrial and commercial development in our country since 1857.

Our efforts in promoting the growth of mining, cement, electricity, textile rail transportation and shipping industries are history. As also the range of first class products whose marketing has been entrusted to us by manufacturers overseas and at home.

Today, after having re-aligned its activities to changing national objectives, the Killick Group is a vibrant manufacturing and marketing network.

Manufactured products include furnances, heat treatment plants, prestressing equipment, concrete vibrators, rock drills, steel files, slotted angles, carbon papers and stationery materials, cement coatings and speciatities for the building industry and filters.

Products marketed by us (and made government supported small industries in most cases) include pressure cookers, kitchenware, electrical appliance and several engineering items such as special steels.

Our Shipping Department continues to break new grounds in line with modern maritime practices. Our marketing net work spreads from 8 centres to cover every corner of the country.

THE KILLICKS GROUP

Delivering the Goods since 1857

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

સવાસો વર્ષની ઉજવણી નિમિત્તે જાહેરાત

૧૮૫૩માં અમારી પેઢીની સ્થાપના થઈ ત્યારથી જ અમારી કંપની કુશળ, પ્રમાણિક અને બિન-પક્ષપાતી સેવાઓ માટે સુપ્રસિદ્ધ છે.

*   *   *

અમે જૂનાં સોના તથા ચાંદીનાં ઘરેણાં તેમ જ ઝવેરાત ઊંચી કિંમતે ખરીદીએ છીએ સલામતી અને સગવડતા માટે અમે આપના ઝવેરાતનું વેલ્યુએશન આપને ત્યાં આવીને પણ કરીએ છીએ.

મોહનલાલ કરશનદાસ ચોકસી

સરકારમાન્ય વેલ્યુઅર્સ

૨૦૦, ઝવેરી બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨

*

ફોન : ૩૧૦૨૪૧, ૩૧૨૫૧૩ (ઓફીસ)
૫૭૨૬૩૧, ૫૭૮૭૯૨ (ઘર)

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

ગુજરાતી સાહિત્ય પરિષદના
આજીવન સભ્ય થવાના
પાંચ ફાયદા

- ઘણા ખરા લેખકો ભુલકણા હોય છે. દર વર્ષે પરિષદની સભ્ય–ફી ભરવાની ઇચ્છા હોવા છતાં ક્યારેક ભૂલી જાય છે. આજીવન સભ્ય–ફી એક જ વાર ભરવાની હોય છે અને તે માત્ર રૂા. ૧૫૦/–
- આજીવન સભ્યોને માસિક 'પરબ' વિના મૂલ્યે મોકલવામાં આવે છે.
- પરિષદનાં પ્રકાશનોમાં ખાસ કમિશન આપવાનું વિચારાયું છે.
- પરિષદના બંધારણ મુજબ જે સભ્યો સતત ત્રણ વર્ષથી સભ્યપદ ધરાવતા હોય તે જ મતદાન કરી શકે છે. આજીવન સભ્ય થઈ ગયા પછી આખું જીવન મતદાન કરી શકાય છે. અને એ પણ ઘેર બેઠાં.
- ગુજરાતની આ સ્વાયત્ત સાહિત્ય સંસ્થા આપની જ છે, એની ખાતરી થશે. આવતા વર્ષે એને પંચોતેર વર્ષ થશે; જે ઊજવાશે. એ પહેલાં આજીવન સભ્ય થઈ જવું સર્વથા યોગ્ય છે. આજીવન સભ્ય ફીના રૂા. ૧૫૦/–નો ચેક ગુજરાતી સાહિત્ય પરિષદના નામે લખવો.

સરનામું : C/o. એચ. કે. આર્ટ્સ કૉલેજ ર. છો. માર્ગ, અમદાવાદ–૯

□

For Private and Personal Use Only

Shree Dharmachakra Prabhav Tirth,Nashik

લોકકલા શ્રેણી–૪–માતાની પછેડી

ગુજરાતમાં સાબરમતીને કાંઠે પઢાત કોમના લોકો વર્ષોથી માતાની પછેડી રંગતા આવ્યા છે. પછેડીના રેખાંકનમાં કપડાના મધ્યમાં દતગાણી, અંબામાતા, બહુચરા, ભદ્રકાલી, કાળકા, ચામુંડા અને ખોડિયાર , એમ સાત માતાજીમાંથી કોઈ પણ એકની આકૃતિ આલેખી હોય છે. માતાજી તેના વાહન પર વિરાજમાન હોય છે અને તેની આજુબાજુ દેવો અને ભક્તજનોનાં ચિત્રો હોય છે. મૂળે પૂજા વેળાએ માતાની મૂર્તિની પાર્શ્વભૂમાં રાખવામાં આવતી પછેડી હવે તો ઘરે ઘરે બેઠકખંડમાં ભીંત-શણગાર માટે વપરાતી થઈ ગઈ છે.

પછેડી ચિત્રકૌશલ્ય તેના લોહી જેવા ઘટ્ટ લાલ, મેશ જેવા કાળો અને સફેદ રંગો થકી એક નોખી અને અનેરી ભાત પાડે છે. દેશી હાથવણાટ અથવા મિલનું યે કાપડ પછેડી બનાવવા વપરાય છે, કારણ કે રંગ ચડાવવામાં સરળ બને છે. કાટ ખાધેલા લોખંડને ખૂબ તપાવી ગોળના પાણીમાં આઠ દિવસ સુધી ખુલ્લામાં તડકા નીચે રાખવામાં આવે છે લોખંડ ધીરે ધીરે પીગળી જતાં તેમાં કચૂકાનો લોટ નાખી મિશ્રણ બનાવાય છે, જે રંગ તરીકે વપરાય છે.

આજે અતુલમાં–તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઈઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઈઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઈન્ટરમીડિએટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઈઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઑપ્ટિકલ વ્હાઈટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગે રાસાયણિક, આધુનિક સૌ ચીજો સોહાય,
'અતુલ'ના સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

અતુલ—વિરાટ રાસાયણિક સંકુલ

ધી અતુલ પ્રોડકટસ લિ.

પો. ઓ. અતુલ, જિલ્લો વલસાડ.
Pin ૩૯૬ ૦૨૦(ગુજરાત).
ફોન : ૬૧, ૬૨, ૬૩, ૬૪. તાર: TULA, અતુલ.
ટેલેક્સ : ૦૧૭૮–૨૮૪

રંગાઈનો કસબ
અને
આપણો સાંસ્કૃતિક વારસો

Adroit-1322

For Private and Personal Use Only